





ॐ ભૂર્ભુવ: સ્વ: તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો ન: પ્રચોદયાત્ ॥

અણમોલ મોતીઊનો ભંડાર છે, જે મનુષ્યના વિચાર તંત્રને સાચી દિશા આપવા માટે સક્ષમ છે, પં.શ્રીરામ શર્મા આચાર્યના સાહિત્ય સાગરમાંથી પસંદ કરેલ કેટલાંક અમૃત બિંદુઓને

"અમૃત કળશ" આ ભાવયુક્ત ભેટ છે - પ્રસાદ છે.

વધુને વધુ લોકોને વહેંચીને વિચારક્રાંતિ અભિયાનને સફળ બનાવશો.

-----------------------------Click Here -------------------------------


| | | |
|---|---|---|
| જીવનનો ખેલ | વ્યવહારમાં સમજદારીનો સમાવેશ : | શાંતિ અને સૌંદર્યને સ્વયંની અંદર શોધો |
| વિવેક જ સાચી ધાર્મિકતા | અમરતાનો શૈશવકાળ- જીવન | તપ જે સાર્થક – સિદ્ધ થયું |
| પાપના મૂળ આળસ, આસકિત અને અસાવધાની | તપસ્વીનો વૈરાગ્ય : | 'સ્વ'નો વિકાસ અને સમષ્ટિગત હિતની સાધના |
| મનુષ્ય – દેવાસુર સંગ્રામની રણભૂમિ | સર્વશ્રેષ્ઠ કારીગરી : | માનવ જીવનની વિશિષ્ટતા અને સાર્થકતા |
| જ્ઞાન જ સાર્થક જીવનની આધારશિલા | પરિવર્તન પ્રગતિની પ્રથમ સીડી : | ઉદ્દંડતાનું પરિણામ વિપત્તિના રૂપમાં |
| સંપત્તિ જ નહીં સદ્દબુદ્ધિ પણ | ઈશ્વર ઉપાસના સાથે જોડાયેલી શ્રેષ્ઠ ભાવનાઓ | પગદંડીઓમાં ભટકીએ નહીં. |
| મનુષ્ય અને પશુ : | મુશ્કેલીઓ જરૂરી પણ છે અને લાભદાયક પણ | ઉન્નતિ નહીં પ્રગતિ અપેક્ષિત |
| મહત્વાકાંક્ષાઓનું ગાંડપણ | યુગ ધર્મની અવગણના મોંઘી પડશે | સંપત્તિની સાથે સદાશયતા |
| આત્મવિશ્વાસની પ્રબળ શકિત | સદાશયતાનું પ્રતિભાઓને આમંત્રણ | તત્વજ્ઞાન અને સેવા સાધન |
| ઈશ્વરની દિવ્ય ભેટ-આત્મવિશ્વાસ : | સામર્થ્યનો આશ્રય લો | જીવન-લક્ષ્યની પૂર્ણતાનો પ્રયાસ |
| વ્યક્તિત્વના ત્રણ આધાર : | આંગણામાં આવેલું કલ્પવૃક્ષ | વિરાટને સંબોધન |
| પાપકર્મ અને આત્મકલ્યાણ : | સમર્થતાનો સદ્દુપયોગ | સુનિશ્ચિત વરદાયી – આત્મદેવ |
| ચતુર બનીએ કે બુદ્ધિમાની ? | વૈચારિક પારસમણિ | કર્મ જ સર્વોપરી |
| કર્મોની ઉગતી-ફળતી ખેતી : | સત્યને સમજો-સત્યને પકડો | ત્રણ – અસાધારણ સૌભાગ્ય |

## ૧. જીવનનો ખેલ

હું બગીચાની અંદર જઈને બેસી ગયો. હું સ્વયંને ફૂલ સમજી બેઠો. જો આ છોડવાઓ મને તેમનો સાથી બનાવી લે તો મને પણ મારું ખોવાયેલું બાળપણ મેળવવાનો અવસર પ્રાપ્ત થાય.

ભાવના વિકસી. જ્યારે અંતર મન ઉભરાય છે ત્યારે તર્કયુક્ત કુવિચારો પણ ઠંડા પડી જાય છે. મનુષ્ય ભાવોમાં પ્રબળ રચના શક્તિ છે, તેઓ પોતાની દુનિયા સ્વયં વસાવી લે છે. તે ભાવ કાલ્પનિક જ નહીં શક્તિશાળી અને સજીવ પણ હોય છે. ઈશ્વર અને દેવતાઓની રચના પણ પોતાની ભાવનાના બળ પર કરી છે અને તેમાં પોતાની શ્રદ્ધાને પરોવીને તેઓને એટલા મહાન બનાવ્યા છે કે જાણે તે સ્વયં છે. પોતાના ભાવ ફૂલ બનવા માટે તડપે તો તેમ બનવામાં વાર લાગે નહીં, પંક્તિ બનાવીને બેઠલા ફૂલ-બાળકોએ, સાથીદાર માનીને, મને પણ પોતાના ખેલમાં ભાગ લેવા માટે સામેલ કરી દીધા હોય તેમ જણાયું. જેની પાસે હું બેઠો હતો તે મોટો પીળા ફૂલોનો છોડ ઘણો હસીખુશીવાળો અને વાચાળ હતો. પોતાની ભાષામાં તેણે કહ્યું "દોસ્ત, તે મનુષ્યોમાં વ્યર્થ જન્મ લીધો. તેની પણ કોઈ જિંદગી છે, પ્રત્યેક સમયે ચિંતા, દરેક સમયે દોડાદોડી, દરેક સમયે તણાવ, દરેક સમયે ચીડ, હવેની વેળા તું છોડ બનજે, અમારી સાથે રહેશે. જોતો નથી અમે બધા કેટલા પ્રસન્ન છીએ, કેટલા ખીલીએ છીએ. જીવનને ખેલ સમજીને જીવવામાં કેટલી શાંતિ છે એ અમે લોકો જાણીએ છીએ. જોતા નથી કે અમારી અંદરનો આંતરિક ઉલ્લાસ સુગંધના રૂપમાં બહાર નીકળી રહ્યો છે. અમારું હાસ્ય ફૂલોના રૂપમાં પથરાઈ રહ્યું છે. બધા લોકો અમને પ્રેમ કરે છે, બધાને અમે પ્રસન્નતા આપીએ છીએ. આનંદપૂર્વક જીવીએ છીએ અને જે નજીક આવે છે તેને આનંદિત કરી દઈએ છીએ. જીવન જીવવાની આ જ કળા છે. મનુષ્ય બુદ્ધિશાળી હોવાનો ગર્વ કરે છે, પરંતુ બુદ્ધિ શા કામની જેનાથી જીવનની સાધારણ કળા હસી-ખુશીથી ખેલ કરીને જીવવાની પક્રિયા પણ હાથ ન લાગે."

ફૂલે આગળ કહ્યું "મિત્ર, તમને મેણું મારવા માટે નહીં, પોતાની મોટાઈ બતાવવા માટે નહીં પરંતુ આ મેં એક તથ્ય કહ્યું છે. વારું બતાવો, જ્યારે અમે ધનવાન, વિદ્વાન, ગુણવાન, સંપત્તિવાન, વીર અને બળવાન ન હોવા છતાં અમારા જીવનને હસતું

હસાવતું અને સુગંધ ફેલાવતું રાખીને જીવી શકીએ છીએ. તો મનુષ્ય કેમ તે પ્રમાણે કરી શક્તો નથી ? અમારા કરતાં અનેક ગણા સાધનો ઉપલબ્ધ હોવા છતાંય મનુષ્ય જો ચિંતિ અને અસંતુષ્ટ રહેતો હોય તો તેમાં શું તેની બુદ્ધિહીનતા નહીં મનાય ? પ્રિય તમે બુદ્ધિશાળી છો, જેથી તે બુદ્ધિહીનોને છોડીને થોડોક સમય અમારી સાથે હસવા-ખેલવા દોડી આવો. ઈચ્છો તો અમારા જેવા નિર્ધનો પાસેથી પણ જીવન વિદ્યાનું મહત્વપૂર્ણ તથ્ય શીખી શકો છો.

મારું માથું શ્રદ્ધાથી નમી ગયું, "ફૂલ તમે ધન્ય છો. નજીવા સાધનો હોવા છતાંય જીવન કેમ જીવવું તે જાણો છો. એક અમે છીએ જેઓ પ્રાપ્ત સૌભાગ્યને ચીડમાં જ ગુમાવીએ છીએ. મિત્ર તમે સાચા ઉપદેશક છો, જે વાણીથી નહીં પણ જીવીને શીખવો છો. બાળમિત્ર, અહીં શીખવા આવ્યો છું તો તમારી પાસેથી ઘણું બધું શીખી શકીશ. સાચા સાથીદારની જેમ શીખવવામાં સંકોચ રાખીશ નહીં."

મુશ્કરાતો પીળો છોડ મુક્તમને હસી પડ્યો. માથું નમાવી-નમાવીને તે અનુમતિ આપી રહ્યો હતો અને કહી રહ્યો હતો, "શીખવાની ઈચ્છા કરનારા માટે ડગલે-ને-પગલે શિક્ષક હાજર થાય છે. પરંતુ આજે કોણ શીખવા ઈચ્છે છે ? બધા તો પોતાની અપૂર્ણતાના અહંકારના મદમાં રોફ જમાવીને ફરે છે."

જીવનના આ ખેલને કોઈ સમજે તો ?

Top

## ૨. વિવેક જ સાચી ધાર્મિકતા

જહાજને નિર્ધારિત સ્થાન સુધી પહોંચાડવા માટે તેના પર કુશળ નાવિકની નિમણુંક કરવાની અને તેને ચલાવવા માટે હલેસા-દંડા વગેરેની વ્યવસ્થા કરવી જોઈએ. આ જ વાત માનવ જીવન રૂપી જહાજની બાબતમાં પણ લાગુ પડે છે. વિવેક રૂપી નાવિકને તેનો સંચાલન બનાવવો જોઈએ. આ દુનિયામાં અનેક વિચારો, અનેક આદર્શો, અનેક પ્રલોભનો અને અનેક ભ્રમણાઓ વ્યાપેલા છે. એમાંથી નકામી વસ્તુઓ પસંદ કરી લેવામાં આવે તો તેનું દુષ્પરિણામ આપણે જ ભોગવવું પડશે. એટલા માટે વિવકપૂર્વક

દરેક વાત પર સાવચેતીથી વિચારવું જોઈએ અને જે યોગ્ય હોય તેનો જ સ્વીકાર કરવો જોઈએ.

બીજાઓનું અનુકરણ કરવાની નીતિ હાસ્યાસ્પદ છે. લોકો અનેક દિશાઓમાં ચાલી રહ્યા છે અને પોત-પોતાની સ્થિતિ મુજબ સફળ-નિષ્ફળ થઈ રહ્યા છે. અનુકરણ કોનું-કોનું કરવામાં આવે. આ રીતે શીખામણ પણ અનેક પ્રકારની મળે છે. પાદરી, મૌલવી અને મહંત પણ જો એક સરખી વાત કરતા ન હોય તો બે વ્યક્તિઓમાં એક મતની આશા કેવી રીતે રાખી શકીએ. સલાહ માંગવાથી એટલા પ્રકારના સૂચનો મળે છે કે જેમાં પરસ્પર તાલમેળ હોતો નથી. એ સલાહકારો ભલા અને વિદ્વાન પણ હોઈ શકે છે, છતાંય કોની વાત માનવી અને કોની ન માનવી ? એનો અંતિમ નિર્ણય છેવટે સ્વયંને જ કરવો પડે છે. આ જ રીતે અનુકરણ કરવા માટે એટલા બધા વિવિધ પ્રમાણો મળી શકે છે, જેમનો સ્વીકાર કરવો એક વ્યક્તિ માટે કદીય સંભવ બનતું નથી. આ સંદર્ભમાં પણ મનુષ્યનો પોતાનો વિવેક જ કામ આવે છે. છેવટનો નિર્ણય કરવાની જવાબદારી આખરે પોતાની જ હોય છે.

જીવનની સફળતા માટે એ ખાસ જરૂરી છે કે આપણે વિવેકશીલ અને દૂરદર્શી બનીએ. તાત્કાલિક લાભ અને ક્ષણિક આકર્ષણની જગ્યાએ ચિરસ્થાયી અને દૂરગામી લાભોને મહત્વ આપવાનું શીખીએ. વિવેકપણાની આ જ કસોટી છે. જેઓ એક ક્ષણના લોભ માટે કાયમી લાભને ગુમાવી દે છે. તેઓ અવિવેકી છે. વિવેકશીલ વ્યક્તિ યોગ્ય-અયોગ્યનો વિચાર કરે છે અને અયોગ્યનો કોઈ કિંમતે પણ સ્વીકાર કરતી નથી. ભલે અનેક લોકો તેમ કરતા હોય, વિચારતા કે કહેતા હોય, પરંતુ તેના માટે એક બકવાસનું કોઈ મહત્વ હોતું નથી. મેળાપ્રદર્શનમાં અનેક લોકો જાતજાતના ચેનચાળા કરતા હોય છે. વિવિધ પ્રકારના દુકાનદારો પોતાની વસ્તુઓની જાહેરાત કરે છે અને ગ્રાહકોને લલચાવે છે. પરંતુ કોઈ સમજદાર શું તેમના બહેકાવમાં આવશે ? આ દુનિયા, બસ, મેળા-પ્રદર્શન જેવી છે. બધી બાજુથી પોત-પોતાની રીતે શીખામણ અપાય છે. આપણે તેને સાંભળવી તો જોઈએ. પરંતુ આપણી વિવેક-બુદ્ધિથી તેનો નિર્ણય કરવો જોઈએ.

યોગ્ય સ્વીકારવામાં જ આપણું કલ્યાણ છે. યોગ્યતાનું બીજું નામ ધર્મ છે. ધર્મવાન બનવાનો વિશુદ્ધ અર્થ છે બુદ્ધિમાન, દૂરદર્શી, વિવેકશીલ અને સુરુચિ સંપન્ન બનવામાં

આવે. કોઈ પ્રલોભન, ભય કે સંકોચ તેમને અયોગ્યને અને નિમ્નને સ્વીકારવામાં લાચાર કરી શકે નહીં.

આપણે ધાર્મિક જીવન જીવીએ જેથી વિવેકશીલ અને કર્તવ્યનિષ્ઠ બની શકીએ. આપણે શ્રેષ્ઠતમને સ્વીકારીએ, જેથી અન્ય લક્ષ્ય વગરના લોકોની જેમ અસ્ત-વ્યસ્ત અને અવ્યવસ્થિત જિંદગી જીવ્યાનો પશ્ચાતાપ ન કરવો પડે. દોલત જરૂરી નથી, શાંતિની જરૂરીયાત છે. માનવ જીવનની સફળતાનું શ્રેય જે મહાનતા પર નિર્ભર છે તેને એક શબ્દમાં ધાર્મિકતા  કહી શકાય છે. જેણે આ વિભૂતિને મેળવી અને સ્વીકારી તેણે તે બધું જ મેળવી લીધું છે અને મનુષ્ય જન્મને સાર્થક બનાવ્યો છે.

અપને દોષ-દુર્ગુણ ખોજેં ઔર ઉન્હેં દૂર કરેં.

Top

## 3. પાપના મૂળ આળસ, આસકિત અને અસાવધાની

આજે મોટાભાગના લોકો ઘણી મુશ્કેલીઓ બેઠી રહ્યા છે. સાધનો અને સગવડો જેટલા પ્રમાણમાં વધતી જોવા મળે છે તેના કરતાં કંઈ વધુ પ્રમાણમાં દુ:ખની વૃદ્ધિ થઈ રહી છે. દુ:ખનું મૂળ છે પાપ, પાપનું પરિણામ છે પડતી, દુ:ખ, કલહ અને ચિંતા, આ બધા અનીતિના ઉપજેલા પરિણામો છે.

આળસયુક્ત વર્તન, વિષયોમાં વાસના, ચિત્તની કટુતા, અન્યની પજવણી કે કોઈ પણ ખોટા આરોપે લગાડવાથી પાપોનો વિકાસ થાય છે. મનુષ્યનો સ્વભાવ એવો છે કે તે ચુપચાપ બેસી શક્તો નથી. તેને પ્રત્યેક સમયે કંઈને કંઈ કામ મળવું જોઈએ. જો તેમાં આળસ, આસકિત અને અસાવધાની વર્તવામાં આવે તો તે કર્મ પાપ બની જશે. એનાથી મનુષ્યનું વર્તન અધોગામી બને છે. જેથી સ્વયં દુ:ખ ભોગવે છે, અન્યને પણ અગવડ પડે છે.

આળસને લીધે શારીરિક શક્તિ ઘટે છે અને તેની સાથે અનેક માનસિક દુષણો અને ખરાબીની વાતો સૂઝે છે. અસ્વસ્થ મનથી કરેલ કાર્યો પણ અસ્વસ્થ હશે. તેની અસર ખરાબ પડશે. જૂઠું બોલવું પડશે. પરિજનોની યોગ્ય વ્યવસ્થા થઈ શકશે નહીં. સમૃદ્ધિ અટકી જશે. આ રીતે એક ગુનાની અનેક શાખાઓ-ઉપશાખાઓ વધતી જશે અને

તેનાથી વ્યક્તિગત તથા સામાજિક જીવન ઝેરયુક્ત બનશે. આળસથી આત્મા પર મેલ ચઢે છે, આને લીધે તે આત્મા સ્વચ્છતા, પવિત્રતા, ક્રિયાશીલતા અને પૂર્ણશક્તિયુક્ત વર્તન કરી શક્તો નથી, પરિણામ સ્વરૂપે વાતાવરણ દુ:ખકારક બને છે. આળસ અભિશાપ છે.

આસકિત સંકુચિત વૃત્તિ છે. સમાન ભાવથી આત્મીયતાપૂર્વક કર્તવ્યોનું પાલન કરવું મનુષ્યનો ધર્મ છે. તેને ઠુકરાવવા જોઈએ નહીં. વાત્સલ્ય, સ્નેહ, પ્રેમ, શ્રદ્ધા, નિષ્ઠા આ બધા સદ્દગુણો પણ જીવન વ્યવહારના જરૂરી અંગો છે. એનાથી મધુરતા વધે છે, સરસતા આવે છે અને જીવન આનંદપૂર્ણ બને છે. પરંતુ મનુષ્ય કોઈ સુખ, ભોગ, વ્યક્તિ કે સાધન પ્રત્યે આસકિત પ્રગટાવે છે તો તે સહજ કર્તવ્ય પણ પાપની શ્રેણીમાં આવે છે.

પાપની એક શાખા છે – અસાવધાની. વિચલિત મનથી આમતેમ કામ કરવાથી તે પૂર્ણ થતું નથી. અસાવધાનીને કારણે સ્વસ્છતા, સુઘડતા, કાર્યકુશળતા, શિસ્ત વગેરેમાં વિકૃતિ આવે છે. પ્રત્યેક કાર્ય પૂરા મનથી કરવામાં આવે તે જરૂરી છે. અધૂરા મનથી કોઈ કાર્ય પૂરું થતું નથી અને પરેશાની વધે છે. અસાવધાની એક પ્રકારનો પ્રમાદ છે, જેને લીધે અનેક પ્રકારના અપરાધો થતાં રહે છે.

જયાં સુધી મનુષ્યનું લક્ષ્ય ભોગ રહેશે ત્યાં સુધી પોતાના મૂળ વિકસતા રહેશે, આ ત્રણેય વશમાં થઈને મનુષ્ય પાપ કરશે. રાજનૈતિક દબાણ કે કાયદા દ્વારા તેમને મિટાવી શકાતા નથી. આધ્યાત્મિક ભાવો જાગૃત થવાથી જ્યારે મન બદલાશે ત્યારે પાપોથી ધૃણા ઉપજશે. મનુષ્યને આધ્યાત્મિક જ્ઞાન અને આત્મ-વિજ્ઞાનની જાણકારી થયા સિવાય દુષ્કર્મોને છોડવા સંભવિત નથી. અધોગામી પ્રવૃત્તિઓ અને આજનું ઝેરયુક્ત વાતાવરણ તેને અસર કરશે જ. ઉન્નતિ, પ્રગતિ અને વિકાસનો અર્થ છે મનુષ્યના ચરિત્રમાં, તેના જીવનમાં ઉચ્ચ સાત્ત્વિક વિચાર, શ્રેષ્ઠ કર્મ, વ્યવહારમાં શિષ્ટતા, સરસતા અને મધુરતાનો ઉદય થવો.

Top

## ૪. મનુષ્ય – દેવાસુર સંગ્રામની રણભૂમિ

અસુરતા અને દેવત્વના સંમિશ્રણથી મનુષ્ય બનેલો છે. એટલા માટે તેનામાં તે બંને પ્રવૃત્તિઓ જોવા મળે છે. બંનેની વચ્ચે સઘર્ષ ચાલતો રહે છે. કોઈ વાર અસુરતા પ્રગટે છે, તો કોઈ વાર દેવત્વ ઉપર આવવા ઈચ્છે છે. એકબીજાને હરાવવા માટે અને પોતાનું વર્ચસ્વ સ્થાપવા માટે જે પ્રતિદ્વંદ ચાલે છે, તેનું નામ દેવાસુર સંગ્રામ છે. આ સંગ્રામમાં જે હારે છે. તેનું જીવન નિરર્થક થતું જાય છે અને જન્મ જન્માંતરો સુધી પશ્ચાતાપ કરવો પડે છે. જે જીતે છે તેને જીવનની સાર્થકતાનું ગર્વ અને ગૌરવ અનુભવ કરવા જઈને તે આનંદ મેળવવાનો અવસર મળે છે જેને સ્વર્ગ અને મુક્તિના નામે ઓળખવામાં આવે છે.

જીવન એક સંગ્રામ છે જેમાં દરેક મોર્ચા પર તેણે સાવધાનીપૂર્વક લડવું પડે છે. જેમ કોઈ અલ્પ સાધન સંપન્ન સેનાપતિ શત્રુની વિશાળ સેનાનો સામનો કરવા માટે સહેજ પણ આળસ કર્યા સિવાય આત્મરક્ષા માટે પુરુષાર્થ કરે છે. ગીતાને આવી આધ્યાત્મિક પરિસ્થિતિની ભૂમિકા કહી શકાય છે. પાંડવો પાંચ હતા પરંતુ તેમનો આદર્શ ઊંચો હતો. કૌરવો સો હતા પરંતુ તેમનો મનોરથ કનિષ્ઠ હતો. બંને એક જ ઘરમાં ઉછર્યા, રહ્યા અને મોટા થયા હતા એટલા માટે નજીકના સબંધી પણ હતાં. અર્જુન લડાઈથી બચવા ઈચ્છતો હતો. ભગવાને તેને ઉદ્દબોધન કર્યુ અને કહ્યું લડાઈ સિવાય બીજો કોઈ રસ્તો નથી. અસુરતાને હરાવ્યા વિના દેવત્વનું અસ્તિત્વ જ સંભવિત નથી. અસુરતાનો વિજય થશે તો સમગ્ર દુનિયાનો નાશ થશે, એટલે પોતાના માટે જ નહીં દુનિયાનું હિત ધ્યાનમાં લઈને પણ અસુરતાની સામે લડવું જોઈએ. ભગવાનના આદેશને માથા પર ચઢાવીને અર્જુન લડયો અને વિજયી થયો, આ જ છે ગીતાની પૃષ્ઠભૂમિ.

ગીતાકાળનું મહાભારત હજુ પણ સમાપ્ત થયું નથી, આપણી અંદર કુવિચાર રૂપી કૌરવ હજુ પણ આપણી દુષ્ટતાનો પરિચય કરાવી રહ્યા છે. દુર્યોધન અને દુઃશાસનનો ઉપદ્રવ આજકાલ જોવા મળે છે. માનવીય શ્રેષ્ઠતાઓની દ્રોપદી વસ્ત્રહીન બનીને લાજથી મસ્તી જોવા મળે છે. કુકર્મીઓની સેના આપણી મહાનતાને નગ્ન કી દે છે અને તે બિચારી શરમના માર્યા માથું ઝુકાવીને ઊભી રહે છે. આવી પરિસ્થિતિઓમાં પણ જો અર્જુન લડવા માટે તૈયાર ન થાય તો તેને શું કહેવું ? ભગવાને આવી મનોભૂમિના પાર્થને

નપુંસક, કાયર, ઢોંગી, અદૂરદર્શી, અભાગી, બેજવાબદાર વગેરે અનેક કટુ શબ્દો કહીને ધિક્કાર્યો હતો. આપણામાંથી જે બધા પોતાના આંતરિક શત્રુઓની વિરુદ્ધ સંઘર્ષ કરવાથી પાછા પડે છે. વાસ્તવમાં એવા લોકો જ ધિક્કારને પાત્ર છે.

જીવનનું નિર્માણ "ધર્મક્ષેત્ર-કુરુક્ષેત્ર' ના રૂપમાં થયું છે. અહીં બંને સેનાઓ એકબીજાની સામસામે ઊભેલી છે. અહીં દેવાસુર સંગ્રામનું બ્યુગલ વાગી રહ્યું છે. આવી સ્થિતિમાં કોઈ યોદ્ધાને લડવા સિવાય બીજો કોઈ માર્ગ મળી શક્તો નથી. આપણી અંદર દ્રષ્ટિ નાંખીને શાશ્વત સંગ્રામના સ્વરૂપને આપણે સમજવું જોઈએ.

Top

## ૫. જ્ઞાન જ સાર્થક જીવનની આધારશિલા

મોક્ષ કોઈ સ્થાન વિશેમાં મળતું નથી. તેને મેળવવા માટે ગામે-ગામ રખડવાની જરૂરિયાત નથી. હૃદયની અજ્ઞાન ગ્રંથિનો નાશ થઈ જવો જ મોક્ષ છે. બીજા શબ્દોમાં સ્વર્ગ, મુક્તિનું સાધન છે – જ્ઞાન. તેને મેળવી લીધું તો આ જ જીવનમાં જીવન મુક્તિ મળી ગઈ સમજવી.

આ યુગમાં વિજ્ઞાનની શાખા-ઉપશાખાઓ સર્વત્ર ફેલાઈ છે. પ્રકાશ, ગરમી, ધ્વનિ, વિદ્યુત, ચુંબકત્વ અને પદાર્થોની જેટલી વૈજ્ઞાનિક શોધો આ યુગમાં થઈ છે તેને જ જ્ઞાન માનવાની આજે પરંપરા ચાલે છે. તેના જ આધાર પર મનુષ્યનું મૂલ્યાંકન પણ થઈ રહ્યું છે. કહેવાતા વિજ્ઞાનને જ જ્ઞાન માનવાની બધા લોકો ભૂલ કરી રહ્યા છે. પરંતુ એ જાણી લેવું ઘણું જરૂરી છે કે જ્ઞાન બુદ્ધિની તે સૂક્ષ્મ ક્રિયાશીલતાનું નામ છે જે મનુષ્યને સન્માર્ગની દિશા તરફ પ્રેરિત કરે છે. વિજ્ઞાનનું ફળ છે. આલોકની કામનાની પૂર્તિ અને જ્ઞાનનો સંબંધ છે અંતર્જગત સાથે જ્ઞાન તે જ છે જે મનુષ્યને આત્મદર્શન તરફ લઈ જાય.

આપણી પાસે ધન હોય તો દુનિયાની અનેક વસ્તુઓ ખરીદી શકાય છે. શારીરિક શક્તિ હોય તો બીજાના પર રૂઆબ જમાવી શકાય છે. તેનાથી બીજાઓ પર શાસન પણ કરી શકીએ છીએ કોઈ બળવાન બીજાઓના અધિકારો પણ છીનવી શકે છે. પરંતુ વિદ્યા કોઈની પાસેથી ખરીદી શકાતી નથી, બીજાઓ પાસેથી છીનવી પણ શકાતી નથી. તેને

મેળવવા માટે દ્રઢતા, મનસ્વિતા અને અધ્યયનશીલતા અપેક્ષિત છે. તેને મેળવી લીધા પછી ખોવાઈ જવાનો ભય રહેતો નથી. કોઈક બાળકોમાં કિશોરાવસ્થામાં જ અલૌકિક બૌદ્ધિક ક્ષમતા કે પ્રતિભા જોવા મળે છે તો એ વિચારવા માટે વિવશ થવું પડે છે કે એક જ સમય, સ્થાન અને વાતાવરણમાં અનુકૂળ સ્થિતિ મળવા છતાંય બે બાળકોની માનસિક શક્તિમાં આ ફરક કેમ પડે છે ? ત્યારે એમ માનવું પડે છે કે એકમાં પુર્વ જન્મના જ્ઞાનના સંસ્કાર પ્રબળ હોય છે, જ્યારે બીજામાં ઓછા હોય છે. ભરત, ધ્રુવ, પ્રહલાદ, અભિમન્યુ વગેરેમાં જન્મથી જ પ્રખર-જ્ઞાનના ઉજ્જ્વળ સંસ્કાર પડેલા હતા. જગદ્દગુરુ શંકરાચાર્યે થોડી જ ઉમરમાં પૂર્ણતા મેળવી લીધી હતી. આ તેમના આગળના જન્મના પરિપક્વ જ્ઞાનને કારણે જ બન્યું હતું તેમ માનવું પડે છે. આનાથી એ મતને સમર્થન મળે છે કે ચિર-સહયોગીના રૂપમાં જન્મ-જન્માંતરો સુધી સાથે રહેનારું આપણું જ્ઞાન જ છે. જ્ઞાનનો નાશ થતો નથી. તે અજર-અમર છે.

સાર્થક જીવનની આધારશિલા જ્ઞાન જ છે. જ્ઞાન જ આ દુનિયાની સર્વોપરિ સંપત્તિ છે.

Top

## ૬. સંપત્તિ જ નહીં સદ્દબુદ્ધિ પણ

સુખ-સુવિધાની સાધન સામગ્રી વધારીને દુનિયામાં સુખ-શાંતિ અને પ્રગતિ થવાની વાત વિચારવામાં અવો છે અને તેના માટે જ જે તે પ્રયત્નો કરવામાં આવે છે. પરંતુ સાથોસાથ આપણે એ પણ વિચારી લેવું જોઈએ કે સમૃદ્ધિ ત્યારે જ ઉપયોગી થઈ શકે છે જ્યારે સાથોસાથ ભાવના સ્તર પણ ઊંચું વધે છે. જો ભાવનાઓ કનિષ્ઠ સ્તરની રહે તો વધેલી સંપત્તિ ઊલટુ વિપત્તિનું રૂપ ધારણ કરે છે. દુર્બુદ્ધિયુક્ત મનુષ્ય અધિક ધન મેળવીને તેનો ઉપયોગ પોતાના દોષ-દુર્ગુણો વધારવામાં જ કરે છે. જુગાર, નશાખોરી, વ્યસન, વ્યભિચાર, આડંબર વગેરેનો વધારો ખાતા-પીતા(ધનવાન) મૂર્ખાઓમાં જ થાય છે. સમૃદ્ધ લોકોનું જીવન નિર્ધનો કરતાં વધુ કલુષિત હોય છે. તેમનાથી ઊલટું પ્રાચીનકાળમાં ઋષિઓએ પોતાના જીવનનું ઉદાહરણ રજૂ કરીને એ સાબિત કર્યુ હતું કે ગરીબીમાં જીવન વિતારવીને શ્રેષ્ઠ જીવન જીવી શક્વું સંભવ બની શકે છે આમ કહીને સંપત્તિ અને સમૃદ્ધિનો વિરોધ કરી રહ્યા નથી. અમારો કહેવાનો હેતુ ફક્ત એટલો જ છે કે ભાવના સ્તર ઊંચે લઈ જવાની સાથોસાથ સમૃદ્ધિ વધશે તો તેનો સદુપયોગ થશે અને

ત્યારે વ્યક્તિ અને સમાજની સુખ-શાંતિ વધશે. ભાવના સ્તરની ઉપેક્ષા કરીને જો સંપત્તિ પર જ ભાર દેતા રહીએ તો દુર્ગુણી લોકો તે સમૃદ્ધિનો ઉપયોગ વિનાશના માટે જ કરશે. વાનરના હાથમાં પડેલી તલવાર કોઈનું શું હિત સાધી શકશે ?

સન્માર્ગ પર લઈ જનારી, પ્રેરણા આપનારી વિદ્યા અને આદર્શોની પ્રત્યે નિષ્ઠા પેદા કરનારું જ્ઞાન માનવ જીવનની સાચી સંપત્તિ છે. તેને વધારવાથી શોક સંતાપથી છુટકારો મળી શકવો સંભવ થશે. ભૌતિક સમૃદ્ધિઓ વધારવામાં ઘણા લોકો જોડાઈ ગયા છે અને તે દિશામાં ઘણું બધું કરી રહ્યા છે. કેટલીક વ્યક્તિઓ માનવ જીવનની સર્વોપરિ સંપત્તિ સદ્‌ભાવનાઓને જન્માવવામાં અને વધારવામાં જોડાઈ જવી જોઈએ. અન્નનો દુષ્કાળ પડી જવાથી લોકો પાંદડા અને છાલ ખાઈને જીવતા રહી શકે છે, પરંતે ભાવનાઓનો દુષ્કાળ પડી જવાથી અહીં નરકની વ્યથા વેદનાઓ ઉપરાંત અન્ય કંઈ બચતું જ નથી, આ આહારના અભાવમાં મનુષ્યનું અંતઃકરણ મૂર્છિત અને મૃત બની જાય છે. આવા લોકોની તુલના પ્રેત પિશાચ, અસુર, રાક્ષસ અને હિંસક પશુઓની સાથે કરી શકાય છે. તેઓ રાક્ષસી અને અમાનુષી કાર્યો જ કરી શકે છે. જેટલું નુકસાન નીરસ અને નિષ્ઠુર, મૂર્છિત અને મૃત અંતઃકરણ દ્વારા થાય છે તેટલું ભૂખ્યા મરી જવાથી થતું નથી.

ગાંધીજી, બુદ્ધ, ઈસાઈના ઉપદેશોએ દુનિયામાં ઘણું જ કામ કર્યું છે કેમ કે તેમના પ્રવચનોની પાછળ તેમનું ઉજ્જવળ ચરિત્ર પ્રકાશવાન હતું. આપણે આપણો સ્વયં સુધાર કરવાનો કાર્યક્રમ શરૂ કરીને, લોકસેવાની મહાન પ્રક્રિયાની શરૂઆત કરવી જોઈએ. યુગ પરિવર્તનનું પહેલું કાર્ય છે સ્વયંનું પરિવર્તન. આપણે બદલાઈશું તો આપણી દુનિયા પણ બદલાશે.

Top

## ૭. મનુષ્ય અને પશુ :

પશુ અને મનુષ્ય વચ્ચે મુખ્ય ભેદ એ છે કે પશુમાં વિચારણા અને ક્રિયાઓ પોતાની વ્યક્તિગત ઈચ્છા, આકાંક્ષાઓ અને જરૂરિયાતો સુધી જ સીમિત રહે છે. તેઓ આગળની વાત વિચારતા નથી અને શરીરના સુખથી આગળ કોઈ ઉચ્ચ પ્રયોજન માટે કંઈ કરવા માટે તત્પર થતા નથી. પ્રકૃતિએ સૃષ્ટિ ક્રમને ચાલુ રાખવા માટે જીવોમાં કામ-વાસના

પેદા કરી છે. પ્રજનનથી જન્મેલા બચ્ચાઓના સંરક્ષણ માટે નર-માદામાં યૌન સહયોગ તથા બચ્ચાઓનું પોષણ કરવાની સાહજિક વૃત્તિ જન્માવી છે. પેટ અને પ્રજનનની બે પ્રકૃત્તિઓની આસપાસ જ પશુઓનું સમગ્ર જીવન ઘેરાયેલું રહે છે, તે મો જન્મે છે, રમે છે અને મરે છે. આ જ પશુ જીવનની જીવનગાથા છે.

મનુષ્યોમાં પશુઓ કરતાં જે તફાવત શ્રેષ્ઠતા જોવા મળે છે તે છે તેમની આદર્શવાદી આકાંક્ષાઓ અને ઉદ્દેશ્યો માટે કરવામાં આવતી ક્રિયાઓ. ભગવાનની સર્વશ્રેષ્ઠ કલાકૃતિ માનવ પ્રાણીમાં જોવા મળે છે. તેના સર્જનમાં પરમેશ્વરે પોતાની કુશળતા અને ભાવનાનો ભરપૂર સમાવેશ કર્યો છે. આટલો શ્રમ અને મનોયોગ એટલા માટે લગાડયો છે. બુદ્ધિ વૈભવનું વિશેષ અનુદાન એટલા માટે આપ્યું છે કે તે પોતાના વર્ચસ્વને ઉચ્ચ આદર્શોમાં જોડીને પરમેશ્વરના આ વિશ્વ-બાગને સુંદર, સુગંધિત અને સુવ્યવસ્થિત રાખવામાં હાથ લંબાવે. માનવ જીવનની સાર્થકતા અને સફળતાને એ કસોટી પર કસવી જોઈએ કે તેણે કેટલો પ્રકાશ પેદા કર્યો અને અંધકારમાં ભટકનારાઓને પોતાનું અનુકરણીય ઉદાહરણ પ્રસ્તૃત કરીને સન્માર્ગ પર ચઢાવ્યા. પવિત્રતા, શ્રેષ્ઠતા, સજ્જનતા અને સહૃદયતાથી ભરેલું સમગ્ર જીવન એ જ સાબિત કરી શકે છે કે મનુષ્યે પોતાના મહાન અવતારનો હેતુ સાર્થક કર્યો છે. લોકમંગળના માટે પ્રસ્તૃત કરેલા અનુદાનો અને ત્યાગ-બલિદાનના આધારે જ એ નિષ્કર્ષ કાઢી શકાય છે કે પરમેશ્વરના શ્રમને સાર્થક કરવા માટે મનુષ્યનું મન ઓગળ્યું.

મનુષ્યે પોતાની ગરિમા પર હજાર વખત એ વિચારવું જોઈએ કે સૃષ્ટિની સર્વોત્તમ કૃતિ બનાવવા પાછળ પરમેશ્વરનું કોઈ વિશેષ પ્રયોજન તો છુપાયેલુ નથી ને ? આ પ્રશ્ન વિષે જેટલું અધિક ગંભીરતાથી વિચારવામાં આવશે તેટલો, અંતરાત્મા એક જ ઉત્તર આપશે કે પશુ પ્રવૃત્તિઓમાં સડતા રહેવામાં મનુષ્ય જીવનની સાર્થકતા નથી, પરંતુ તે મહાન ઉદ્દેશ્યોના માટે જીવે અને મહાન બીને ઈશ્વરના પ્રયોજનોને પૂરા કરે.

Top

## ૮ મહત્વાકાંક્ષાઓનું ગાંડપણ

ધન, પુત્ર અને પ્રસિદ્ધિની પ્રાપ્તિની તૃષ્ણા, વાસના, અહંતાથી વિક્ષુબ્ધ મનુષ્યો તે તોફાની ગાંડાઓનું રૂપ ધારણ કરી લે છે કે જેઓ સ્વયં ચેનથી (નિરાંત) રહેતા નથી અને બીજાઓને પણ એક પડવા દેતા નથી. મહત્વાકાંક્ષી વ્યક્તિઓ પોતાના માટે વિશેષ લાભ ભલે મેળવતા રહે, પરંતુ જનસમાજના માટે તેઓ સંકટ રૂપ જ બની રહે છે. અસંતુષ્ટ જીવન જીવવાનો કોઈ આનંદ જ નથી. આપણને જે કંઈ મળેલું છે તેના પર સંતોષ, ગર્વ અને આનંદ કરતા જઈને, જો આજે આનંદ મનાવી શકતા નથી, તો કાલે જો આજ કરતા અધિક મળી જાય તો સુખી બની શકીશું તેનો શો ભરોસો ? તૃષ્ણા તો પ્રત્યેક સફળતા પછી અગ્નિમાં ઘી હોમવાની જેમ વધતી જ જાય છે. આથી જેમણે લાલસાઓ, કામનાઓની આગમાં બળવું હોય તેમણે પોતાની મનોભૂમિમાં અસંતોષ રૂપી જીવતી ચિતા સજાવી લેવી જોઈએ.

સમાજસેવા, પરમાર્થ આત્મવિકાસ, વિદ્યાભ્યાસ, ભૌતિક ઉન્નતિનું પ્રત્યેક કાર્ય લાંબા સમય સુધી કરી શક્વાનું તેમના માટે સંભવ બને છે જેઓ ધૈર્યવાન અને સ્થિતપ્રજ્ઞ છે. આ બે ગુણ ફક્ત તેવાઓને જ પ્રાપ્ત થઈ શકે છે. જેઓ પોતાની આજની સિદ્ધિઓ પર સંતોષ અનુભવતા જઈને આવતીકાલે વધુ ઉન્નતિશીલ બનવાનું પોતાનું એક સરળ સ્વાભાવિક કર્તવ્ય માને છે. દુનિયામાં અનેક પ્રકારના ધન છે પરંતુ સંતોષનું ધન સૌથી મોટુ ધન છે. કબીરની તે ઉકિત ઘણી સારગર્ભિત છે. જેમાં કહેવાયું “જબ આવે સંતોષ ધન, સબ ધન ધૂરિ સમાન” આ ધન જયાં પણ હશે ત્યાં આનંદનું ઝરણું વહેશે. પતિ-પત્ની જો પરસ્પર સંતુષ્ટ હોય છે તો તેમને સ્વર્ગીય જીવનરસ આ જ જીવનમાં પ્રાપ્ત થશે. ગામડાના છોકરાઓ ભણી-ગણીનો શહેરો તરફ દોટ મૂકે છે. જો તેઓને ગ્રામ્ય જીવનમાં સંતોષ રાખવાની હિંમત હોય તો શહેરી ચમક-દમકમાં પોતાનું સ્વાસ્થ્ય બરબાદ કરવાને બદલે ગ્રામીણ સમાજને અધિક સુંદર બનાવવા માટે તે જ ક્ષેત્રમાં રહીને પોતાની અને પોતાના ગામડાના ભાઈઓની ઘણી મોટી સેવા કરી શકે છે.

પ્રત્યેક વ્યક્તિ પોતાના ગુણ, કર્મ, સ્વભાવનો વધુમાં વધુ વિકાસ કરે એ ઉચિત છે. અધિક સેવાભાવી હોવું, અધિક સભ્ય, સુસંસ્કૃત અને આદર્શવાદી હોવું કોઈ વ્યક્તિના માટે ઓછા ગૌરવની વાત નથી. આ જ મહત્વાકાંક્ષાઓ ઉચિત છે અને જીવન માટે

ઉપયોગી પણ. તેની દરેક માટે છુટ હોવી જોઈએ. પરંતુ અધિક ધન એકત્ર કરવાની, અધિક એશઆરામ કરવાની, અધિક પ્રશંસા કમાવવાની પ્રવૃત્તિ પર કાનૂની કે નૈતિક નિયંત્રણ રહે તો એ સર્વથા ઉચિત ગણાશે.

આધ્યાત્મિક દ્રષ્ટિકોણ સંતોષનો દ્રષ્ટિકોણ છે. તેમાં પ્રત્યેક વ્યક્તિને ધીરજ અને ઔચિત્યની સાથોસાથ પ્રગતિ કરવા જવાની છૂટ છે, પરંતુ જન સાધારણના મધ્યમ સ્તરથી ઘણા ઊંચે જવાની મનાઈ છે. જેનામાં જન સાધારણના મધ્યમ સ્તરથી ઘણા ઊંચે જવાની મનાઈ છે. જેનામાં જે યોગ્યતાઓ હોય, તેઓ તેનો પોતાનાથી નાના કે પછાત સાથીઓને ઉન્નતિશીલ બનાવવામાં ઉપયોગ કરે અને જે પ્રકારે લશ્કરના સિપાઈઓ એકસાથે કદમથી કદમ મિલાવતા જઈને એક જ પ્રકારનો પોષાક પહેરીને માર્ચ કરતા ચાલે છે તે જ પ્રકારે આપણે પણ આપણા સમગ્ર સમાજનો એક સરખો વિકાસ કરતા જઈને સાથોસાથ આગળ વધવાની વાત વિચારવી જોઈએ.

જો તૃષ્ણા અને વાસના માટે મહત્વાકાંક્ષાઓ રાખવામાં આવે તો તે વ્યક્તિ અને સમાજના માટે નુકસાનકારક સાબિત થશે. કોઈ વ્યક્તિ અધિક તવંગર બનીને, એશઆરામ ભોગવીને, પોતાની દુષ્પ્રવૃત્તિઓને જ ભડકાવી શકે છે. તેનાથી છેવટે તેનું પતન જ થશે. દયા, કરુણા, ત્યાગ અને પરમાર્થની ભાવનાઓને ચરિતાર્થ કરવાની મહત્વાકાંક્ષાઓ જ સાચી અને શ્રેયસ્કર મહત્વાકાંક્ષાઓ કહી જઈ શકાય છે.

ખોટો અને કનિષ્ઠ મહત્વાકાંક્ષાઓના ગાંડપણથી બચીએ.

Top

## ૯. આત્મવિશ્વાસની પ્રબળ શકિત

વિશ્વાસ માનવ જીવની દ્રઢ લગામ (હલેસું) છે, જે તેને લાખો વિપરિત સ્થિતિઓમાં, મૂંઝવણોમાં પણ ગતિશીલ અને સુસ્થિર બનાવી રાખે છે. વિશ્વાસની દોરીથી બંધાયેલી જીવન નાવ ડગમગી શક્તી નથી. જે લોકો પોતાનામાં અતૂટ વિશ્વાસ રાખીને ચાલે છે તેઓને મૂંઝવણ ભરી સમસ્યાઓ-આંધી-તૂફાન પણ પોતાના ધ્યેય-પથ પરથી વિચલિત કરી શક્તી નથી. જીવનમાં પ્રકાશ આપનારા બધા દીપકો ઓલવાઈ જાય, પરંતુ મનુષ્યના હૃદયમાં વિશ્વાસની જયોતિ પ્રકાશતી રહે તો તે ઘોર અંધકારમાં પણ પોતાનો

પથ સ્વયં શોધી લેશે. આત્મવિશ્વાસની જયોતિની સામે દુનિયાનો સમગ્ર અંધકાર વેરવિખેર થઈ જાય છે.

વિશ્વાસ પર્વતોને ડગાવી દે છે, વિશાળ સાગરને પાર કરાવે છે, વિશ્વાસ કોઈ કોમળ પુષ્પ નથી જે સાધારણ વાયુના ઝપાટાથી પડી જાય. તે હિમાલયની જેમ અડગ રહે છે. સીતાની શોધમાં ગયેલા વાન-રીંછ સમુદ્ર તટ પર હારીને બેસી ગયા. સ્વયં હનુમાન પણ એની ચિંતામાં હતા, પરંતુ જાંબુવંતે આત્મ-વિશ્વાસને જગાડીને કહ્યું,. હનુમાન ! તમે આ સમુદ્રને લાંઘી શકો છો અને આત્મવિશ્વાસ જાગૃત થતા જ હનુમાન તે વિશાળ સાગરને રમતની જેમ પાર કરી ગયા.

જ્યાં વિશ્વાસ છે ત્યાં જીવનના સમગ્ર અભાવો, શ્રાપ, ગરીબાઈ, દુઃખ, દીનતા નિષ્પ્રભાવી બની જાય છે. એ જીવનના વિકાસ ક્રમમાં બાધક બનતા નથી. દુનિયાના અધિકાંશ મહાપુરુષોનું જીવન આ જ સત્યનું પ્રતિપાદન કરે છે. જેઓને આગળ વધવાની કોઈ સહારો ન હતો, તેઓને આત્મબળના સહારે જીવનની મહાન સફળતાઓ પ્રાપ્ત કરી. અનેક વ્યક્તિઓ પોતાના આત્મવિશ્વાસને આધારે અસાધારણ બની ગઈ.

આત્મવિશ્વાસ ક્યાંય આમતેમ શોધવાની વસ્તુ કે કોઈની કૃપાનું વરદાન નથી. આ આપણા અંતરમાં બિરાજમાન સનાતન સત્ય છે. આત્મચેતનાનું અજર-અમર, સર્વશક્તિમાન, દિવ્ય સ્વરૂપ જ આપણા વિશ્વાસનો આધાર બની શકે છે. આ રીતે આત્મદેવતાનો પરિચય મેળવીને તેમના હાથમાં જ જીવનની લગામ સોંપી દેવી, પોતાની શક્તિ અને સામર્થ્ય પર ભરોસો રાખીને નિર્દ્વન્દ બનીને જીવન રણમાં પોતાનું કર્તવ્ય પાલન કરતા રહેવું જ વિશ્વાસનું અવલંબન લેવા બરાબર છે. મનુષ્ય પોતે સ્વયંમાં અખૂટ શક્તિ અને ભંડારનો સ્વામી છે. મનુષ્યના અંતરમાં શક્તિ અને સમૃદ્ધિનો અજસ્ત્ર સ્ત્રોત છે. એનો પરિચય થવાથી દ્રઢ વિશ્વાસનો અભ્યુદય થાય છે અને સફળતાનો મૂળમંત્ર બની જાય છે.

Top

## ૧૦. ઈશ્વરની દિવ્ય ભેટ-આત્મવિશ્વાસ :

પોલિસના સશસ્ત્ર રક્ષકો સાથે ચાલતા હોય છે ત્યારે સુરક્ષાની નિશ્ચિંતતા થઈ જાય છે અને નિર્ભય થઈને ચાલી શકાય છે. જેને ઈશ્વર પર, તેની સર્વશકિતમાન સત્તા પર વિશ્વાસ છે તે નિર્ભય થઈને ચાલે છે. જેને ઈશ્વર પર ભરોસો છે, જે ઈશ્વરને પ્રત્યેક સમયે પોતાનામાં બિરાજમાન હોવાને અનુભવ કરે છે તેને આત્મવિશ્વાસની ઉણપ કેમ કરીને રહેશે ?

ઈશ્વર વિશ્વાસ અને આત્મવિશ્વાસ એક જ શ્રદ્ધા ની બે બાજુઓ જ છે.

જે સ્વયં પરની, પોતાની મહાનતા અને સંભાવનાઓ પરથી શ્રદ્ધા ગુમાવી બેઠો છે, તેને નાસ્તિક સિવાય બીજું શું કહી શકાય ? જે સ્વયં પર ભરોસો રાખે છે તેને ઈશ્વર સહાય કરે છે.

કોઈ નિષ્ઠાવાન નિષ્ફળ રહે તેવું બની શકે છે, પરંતુ જેટલા લોકો સફળતા પ્રાપ્ત કરે છે. તેઓમાંથી પ્રત્યેક આત્મવિશ્વાસી અવશ્ય હોય છે. કોઈ કુશળ ખેડૂતનો પાક નિષ્ફળ જાય તે સંભવ છે.

જેણે ખેતીની કમાણી કરી છે તે પૈકી પ્રત્યેકને ખેડ-વાવણીનો શ્રમ કરવો પડ્યો છે. આત્મવિશ્વાસ જ શક્તિનો સ્રોત છે. વાસ્તવમાં ઈશ્વરની એક માત્ર દિવ્ય ભેટ મનુષ્યને જે મળે છે તે આત્મવિશ્વાસ જ છે.

Top

## ૧૧. વ્યક્તિત્વના ત્રણ આધાર :

પારમાર્થિક જીવન જીવવાનો શુભારંભ પોતાના વ્યક્તિત્વને ઉજ્જવળ, સુસંસ્કૃત, પવિત્ર અને પ્રખર બનાવવાથી જ સંભવ થઈ શકે છે. દુનિયાને સારી બનાવવા માટે આપણે પોતાની જાતને સારી બનાવવી જોઈએ. આપણે આપણી જાતને જેટલી સારી બનાવી લઈએ છીએ તેટલો જ દુનિયાનો એક અંશ ઉત્તમ બની જાય છે અને તે અંશ બીજાને, બીજો ત્રીજાને એમ વધતો જઈને દુનિયાને વધુમાં વધુ સુંદર બનાવતા જવાય છે. આપણી આંતરિક સ્થિતિને ઊંચે લઈ જઈને આપણે વાસ્તવમાં દુનિયાની મોટામાં મોટી સેવા કરવાનું શ્રેય મેળવીએ છીએ.

આપણું વ્યક્તિત્વ શરીર, મન અને આત્મા એ ત્રણ આધારો પર ઊભેલું છે. આ ત્રણેયને પવત્રિ અને પ્રકાશપૂર્ણ બનાવવા માટે કર્મયોગ, જ્ઞાનયોગ અને ભકિતયોગની ત્રણ સાધનાઓનો ક્રમ અપનાવવો પડે છે. જીવન સાધનાનો અર્થ છે. પોતાની પ્રત્યેક ગતિવિધિઓને આદર્શયુક્ત બનાવવી. કર્મયોગી બનીને શરીરને, જ્ઞાનયોગી બનીને મનને અને ભકિતયોગી બનીને આત્માને પરિષ્કૃત કરવામાં આવે છ. આપણી પ્રત્યેક શારીરિક ક્રિયા કર્તવ્યપાલન માટે, પ્રત્યેક વિચારણા સત્ય અને વિવેકના પ્રતિપાદન માટે અને પ્રત્યેક ભાવના આત્મીયતા અને પ્રેમ-સ્નેહના અભિવર્ધન માટે હોય તો સમજવું જોઈએ કે શરીર, મન અને આત્માના ત્રણેય આધારો તે દિશામાં અગ્રેસર થઈ રહ્યા છે જેના માટે ઈશ્વરની ઈચ્છા અને પ્રેરણા છે. આ માર્ગ પર ચાલીને આપણે જીવનના ઉદ્દેશ્યોની પરીક્ષામાં સફળ થઈ શકીએ છીએ.

આ ત્રણે યોગાભ્યાસોને આમ તો પ્રત્યેક પળે પોતાના વિચારો અને કાર્યોમાં શ્રેષ્ઠતાનો સમાવેશ કરીને જ સંપૂર્ણ રીતે સંપન્ન કરી શકાય છે, પરંતુ તેના માટે કેટલાક વિશેષ ક્રિયા-વિદ્યાનો પણ નિશ્ચિત છે. એમનો એક અભ્યાસના રૂપમાં દરરોજ કાર્યમાં અમલ કરવામાં આવે તો સાધનામય જીવન જીવવાનો ઉદ્દેશ્ય મોટા પ્રમાણમાં પૂરો થઈ શકે છે.

Top

## ૧૨. પાપકર્મ અને આત્મકલ્યાણ :

સામાન્ય રીતે લોકો કાનૂની ગુનાઓને જ પાપ સમજે છે. ચોરી, લૂંટ, હત્યા, વ્યભિચાર, બેઈમાની વગેરે પોલિસની પકડમાં આવનારા ગુનાઓ જ પાપ માનવામાં આવે છે અને નશાખોરી, જુગાર, અસત્ય વગેરે બુરાઈઓને જ બુરાઈ સમજે છે. જો આ દોષ આપણામાં ન હોય તો આપણી જાતને નિષ્પાપી માની લઈએ છીએ. આત્મકલ્યાણનો ઉદ્દેશ્ય આટલી મોટી પરિભાષામાં વિસ્તારમાં રહેવાથી પરિપૂર્ણ થઈ શક્તો નથી. જે દુર્ગુણો આપણા વ્યક્તિત્વમાં બાધક બનીને ઊભા રહે છે તે આધ્યાત્મિક દ્રષ્ટિએ પણ પાપ છે. આપણે તેમનું નિરાકરણ કરવું પડશે. આળસ, પ્રમાદ, ગંદકી, કટુવચન, આવેશ ઈર્ષ્યા, ચાડી, નિંદા, હરામખોરી પક્ષપાત, સ્વાર્થપરાયણતા અનુદારતા, લોભ, સંઘરાખોરી, તૃષ્ણા, વાસના, અસંયમ, બેજવાબદારી, ભિરુતા, કાયરતા, આશંકા,

અવિશ્વાસ, ઉચ્છંખલતા, કૃતઘ્નતા જેવા અને માનસિક દોષ-દુર્ગુણો ભલે છુપાયેલા રહે, ભલે ઉપેક્ષણિય સમજવામાં આવે પરંતુ આપણા વ્યક્તિગતના વિકાસમાં એ જ સૌથી મોટા બાધક છે.

હજાર દુશ્મન મળીને આપણું એટલું અહિત કરી શક્તા નથી જેટલું આ મનની ગુફામાં છુપાઈને બેઠેલા અજ્ઞાન, અદ્રશ્ય શત્રુઓ કરે છે. આથી આપણા દોષ-દુર્ગુણોનું નિરાકરણ કરવાનું અભિયાન ચલાવીને પ્રત્યેક કર્મયોગીને ઝીણવટપૂર્વક પોતાના ક્રિયાકલાપ પર દ્રષ્ટિ રાખવી જોઈએ કે તે આંતરિક શકિતઓનો તેના ઉપર કેટલો પ્રભાવ છે અને તેઓ જ્યારે કદી પોતાનું આધિપત્ય જમાવવાનો પ્રયત્ન કરે તેમને તુરત જ ઝાટકી દેવા જોઈએ, લાત મારીને ભગાડી દેવા જોઈએ. આંતરિક દોષ-દુર્ગુણોની સાથે સતત સંઘર્ષ કરતા રહેવું જ વાસ્તવિક મહાભારત છે. ભગવાને ગીતામાં અર્જુનને આ જ સંગ્રામમાં કટિબદ્ધ રહેવા માટે પ્રોત્સાહિત કર્યો છે. આ જ કર્મયોગની આત્મા છે.

ગીતાના આ સંદેશાને ભગવાન દ્વારા આપણા માટે જ બતાવાયેલ માનવો જોઈએ અને આત્મશોધન તથા આત્મસુધારના ધર્મયુદ્ધમાં સતત જોડાયેલા રહેવું જોઈએ.

Top

## ૧૩. ચતુર બનીએ કે બુદ્ધિમાની ?

આ દુનિયા ચતુર પ્રાણીઓથી ભરેલી છે. હુમલો કરીને બીજાઓને પેટને સમાવી દેનારા જીવજંતુઓની સંખ્યા મોટી છે. પોતાનો સ્વાર્થ સાધવાની કલામાં પ્રવીણ લોકોની સંખ્યા અહીં ઘણી મોટી છે. એના માટે તેઓ બીજાઓને નુકસાન કરવાના કુકૃત્યથી પણ ટેવાઈ જાય છે. એવા લોકોને જ ચતુર કહે છે. તેમનામાંથી ઘણા પ્રવીણ લોકોને જેલખાનામાં કેદની અને બદલાની મારપીઢ સહન કરતાં ક્યાંય પણ જોઈ શકાય છે.

પક્ષીઓ વૃક્ષો પર પરસ્પર હાનિ પહોંચાડ્યા વિના કૂદતા-ચહકતા દિવસ વિતાવે છે. કીડીઓ, મધમાખીઓ અને પતંગિયા પણ જીવનયાપનની પ્રકૃતિ પ્રદત્ત સુવિધાઓના સહારે જ જીવન વિતાવી લે છે. હરણાઓના ટોળા અને કબૂતરોના ઝૂંડ પણ અનીતિ અપનાવ્યા સિવાય પોતાની સામાન્ય બુદ્ધિના સહારે ગુજરાન કરી લે છે.

માનવીની બુદ્ધિનો જો સદ્દુપયોગ થઈ શકે તો તે પોતાના માટે જ નહીં, બીજાઓને માટે પણ પ્રગતિ અને સમૃદ્ધિના અનુદાનો મેળવવામાં સહાય કરે છે. પણ જોવા જતાં બુદ્ધિમત્તા અપનાવનારી સંખ્યા ઓછી છે. બધાને ચતુરતા ગમે છે. ચતુરતાની વ્યાખ્યા છે- બીજાઓના યોગ્ય અધિકારોનું અપહરણ કરીને પેતાની વિત્તેષણાઓનું પોષણ કરવું. ચતુરતા અને બુદ્ધિમત્તામાંથી કોને અપનાવવામાં આવે, આ સંદર્ભમાં મનેષ્ય મોટી ભૂલ કરતો જોવા મળે છે. આ જ છે ભેદરેખા જે મનુષ્યને સામાન્ય અને અસામાન્યમાં વિભાજીત કરે છે.

Top

## ૧૪. કર્મોની ઉગતી-ફળતી ખેતી :

મનુષ્ય જીવન એક ખેતર છે, જેમાં કર્મ વવાય છે અને તેના જ સારા-ખોટા ફળ ચૂંટવામાં આવે છે. જે સારા કર્મો કરે છે તે સારા ફળ મેળવે છે. ખરાબ કર્મ કરનારા બુરાઈ પામે છે. કહેવત છે કે આંબો વાવે તે કેરી પામે અને બાવળ વાવે તે કાંટા મેળવે. જે રીતે બાવળ વાવીને કેરી મેળવવી પ્રકૃતિના સનાતન સત્યની વિરુદ્ધ છે એ જ રીતે બુરાઈના બીજ વાવીને ભલાઈ મેળવવાની કલ્પના પણ કરી શકાય નહીં.

મનુષ્ય જીવનમાં આ સત્યથી ઉપર બીજું કંઈ નથી. ભલાઈનું ફળ સુખ, શાંતિ અને પ્રગતિ સિવાય બીજું કંઈ હોઈ શક્તું નથી, તેની જેમ જ બુરાઈનું પ્રતિફળ બુરાઈ ન હોય એવું આજ સુધી કદી બન્યું નથી, ઈતિહાસ તેનો સાક્ષી છે.

કાર્ય કદી કારણ વિનાનું હોતું નથી તેની માફક કોઈ પણ ક્રિયા પરિણામ આપ્યા વિના રહેતી નથી. સ્થૂળ અને સૂક્ષ્મ બંને દ્રષ્ટિનો એ મૌલિક નિયમ છે કે ભાગ્ય પોતાની રીતે ઘડાતું નથી, બલ્કે તે વ્યક્તિના કર્મોની કલમથી લખાઈ જાય છે. સારા કે ખોટા ભાગ્યનો નિર્માતા છે તેના કર્મો.

વ્યક્તિ હોય, સમાજ હોય કે રાષ્ટ્ર હોય તે બુરાઈથી ભરેલ છે એ કેવળ એક ભ્રમ છે. જીવનની પ્રત્યેક ક્ષણનો હિસાબ-કિતાબ નોંધાય છે. પાણી હંમેશા પાણી જ રહેશે. જો તે કીચડમાં વહેશે, દુગંધ વિનાનું હશે નહીં તો તે પાણી હોવાના ભ્રમ કરીને પણ પીવાલાયક બની શકે નહીં. તે જ પ્રમાણે દગાની સફળતા છેવટે પતન અને અપયશનું

જ કારણ બને છે. છેવટ સુધી સાથ આપનારી સફળતા ભલાઈ દ્વારા મળે છે. તેનાથી મનુષ્યનો આલોક અને પરલોક સુધરે છે. કર્મફળ તો શાશ્વત છે.

Top

## ૧૫ વ્યવહારમાં સમજદારીનો સમાવેશ :

આ દુનિયા ઘણી વિચિત્ર છે એમાં અણઘડ અને સુઘડ બંને પ્રકારની વ્યક્તિઓ રહે છે. અપેક્ષિત પ્રકૃતિના વ્યક્તિઓ હંમેશા મળતા રહે એવો દુરાગ્રહ રાખવો પણ અયોગ્ય છે. આ દુનિયા માત્ર આપણા માટે જ બની નથી. એમાં તરહ-તરહના જીવો-મનુષ્યના નિર્વાહની વિધાતાએ વ્યવસ્થા કરી છે. આ સંયુકત સદાવ્રતી રસોડામાં આપણે ઈચ્છીએ તેવું હંમેશાં પાક્તું નથી. આપણે તો માત્ર શ્રેષ્ઠ લોકો પાસેથી પ્રેરણા લેવી જોઈએ, તેમની સાથે ગાઢ સંપર્ક સાધવાનો પ્રયત્ન કરતા રહેવું જોઈએ. સામાન્ય લોકો સાથે મનમેળ સાધી શકીએ, સંઘર્ષ વિના જીવન વિતાવી શકીએ એની જ વાત વિચારવી જોઈએ.

હર કોઈની સાથે બિનજરૂરી ઉદારતા રાખવાની ભાવના છેવટે ઘણી મોંઘી પડે છે. આને કારણે સંપર્ક ક્ષેત્રમાં એક સામાન્ય વર્ગીકરણ અને સ્તરને અનુરૂપ પોતાના વ્યવહારમાં ફેરફાર કરવો જરૂરી થઈ પડે છે. જ્યાં અણઘડોની સાથે વ્હ્વાર કરવો પડે છે ત્યાં કઠિનાઈ સહેવી પડે છે. આવા વિચિત્ર પ્રાણી અહંકારી અને દુરાગ્રહી તો હોય છે, પોતાના વિવેકના આધારે કોઈ નિર્ણય કરવો તેમની મર્યાદા બહારની વાત હોય છે. એવા લોકોનો સુધાર મારપીટથી કરવાનુ કામ આપણું નથી, તે કામ શાસનતંત્રનું છે. આ વેળાએ અથડામણથી બચવું યોગ્ય છે. અણઘડ દુરાગ્રહીઓ પ્રત્યેનો મનોરોગીઓ પ્રત્યેના જેવો વ્યવહાર કરવો જોઈએ. ન તો ક્ષમાશીલ બનવું જોઈએ કે ન તો ઉપચાર પ્રક્રિયાથી વિમુખ રહેવું જોઈએ. પરંતુ સાચી સલાહ માની જ લેવાશે જ એવું વિચારવું જોઈએ નહીં. અનીતિના પ્રત્યે માત્ર અસહકાર વ્યકત ન કરતાં વાસ્તવમાં આચરવો પણ જોઈએ. આ જ સાચી આદર્શવાદિતા છે જયારે એકાદ વ્યક્તિ પણ સાહસ કરે છે ત્યારે આપોઆપ તેની પાછળ તેના જેવી વ્યક્તિઓ દોડી આવે છે. અણઘડ લોકોમાં પણ પરિવર્તન થઈને જ રહે છે.

Top

## ૧૬. અમરતાનો શૈશવકાળ- જીવન :

જીવન શું છે ? શ્રુતિ કહે છે કે જીવનના સ્વરૂપને સમજી લેવું જોઈએ અને તેની સાથે જોડાયેલા તથ્યોને સ્વીકારી લેવા જોઈએ, ભલે તે ગમે તેટલા અપ્રિય કેમ ન જણાતા હોય. જીવન એક પડકાર છે, એક સંગ્રામ છે, એક સાહસ છે અને તેને તે સ્વરૂપે સ્વીકાર્યા વિના કોઈ ઉપાય નથી. જીવન એક રહસ્ય છે, ઈન્દ્રજાળ છે, ભૂલભૂલામતી છે, એક પ્રકારનો ગોરખધંધો છે. ગંભીર ચિંતન-મનનના આધાર પર જ તેના તળિયા સુધી પહોંચી શકાય છે. આ જ આધાર પર ભ્રમને કારણે પેદા થનારા જોખમોથી બચી શકાય છે. કર્તવ્યના રૂપમાં જીવન અત્યંત મુશ્કેલ પરંતુ અભિનેતાની જેમ હસતી-હસાવતી હળવી-સરળ રંગભૂમિ છે.

જીવન એક ગીત છે, જેને પંચમ સ્વરમાં ગાઈ શકાય છે. જીવન એક સ્વપ્ન છે, જેમાં સ્વયંને પરોવી શકાય તો સંપૂર્ણ આનંદનો રસાસ્વાદ માણી શકાય છે. જીવન એક અવસર છે જેને ગુમાવી દેવાથી હાથમાંથી સર્વસ્વ ગુમાવવું પડે છે. જીવન એક પ્રતિજ્ઞા છે, યાત્રા છે, જીવવાની કળા છે, તેને સફળ બનાવવાની રીત જેણે જાણી લીધી, સમજી લીધી, તેના પર મનન કરી લીધું તેણે સમજી લેવું કે તે સાચો પારખું છે, ઝવેરી છે અને સિદ્ધિઓનો સદ્દપયોગ કરી શકનાર ભાગ્યશાળી છે. જીવન સૌંદર્ય છે, જીવન પ્રેમ છે, આનંદ છે, તે સર્વ કંઈ છે જે સૃષ્ટાની આ વિશાળ સૃષ્ટિમાં સર્વોત્તમ કહેવાલાયક છે.

Top

## ૧૭. તપસ્વીનો વૈરાગ્ય :

સત્યની પ્રાપ્તિ તપસ્વી જ કરી શકે છે. શારીરિક અને માનસિક પ્રલોભનોથી બચવામાં જે તિતીક્ષા અને કષ્ટ સહિષ્ણુતાની, ધૈર્ય અને સંયમની જરૂરિયાત પડે છે તેને એકત્ર કરવાનું નામ જ તપ છે. કારણ વિના શરીરને સતાવવાનું નામ તપ નથી. કોઈને પણ સતાવવું ખરાબ છે તો પછી શરીરને પીડા અને ત્રાસ આપીને ક્યું હિત સાધી શકાય ? તપસ્યા તે છે જેમાં સમગ્ર જીવન લક્ષ્ય નિર્ધારિત કરવામાં સીમિત કમાણીથી નિર્વાહ કરવામાં ગરીબી અથવા કરકસર અપનાવવી પડે છે. તેને પ્રસન્નતાપૂર્વક સ્વીકારવી અને શિરોધાર્ય કરવી તેનું નામ જ તપ સાધના છે.

સત્ય રૂપી નારાયણને પ્રાપ્ત કરવાનું મૂલ્ય છે વૈરાગ્ય વૈરાગ્યનો અર્થ એ નથી કે ઘર પરિવારને છોડીને વિચિત્ર વેશ બનાવવો કે ભિક્ષાટન કરવું. પરંતુ તેનો સાચો અર્થ છે કે જે રાગ દ્રેષની ધૂપછાંયમાં સમગ્ર જગત હસતું, રડતું, અશાંત, ઉદ્વિગ્ન રહે છે તે તકલીફોથી બચતા રહીને મહાન લક્ષ્યની તરફ અવિરત ગતીથી ચાલતા રહવું. સત્યનિષ્ઠ વ્યક્તિ આ અસત્યથી ભરેલા સંસારને એક વિચિત્ર પ્રાણી જણાય છે. તેને પણ અજ્ઞાનના અંધકારમાં ભટકતી દુનિયા દયાજનક જણાય છે. બંનેનો તાલમેળ બેસતો નથી. આ વિસંગતિ કોઈ જગ્યાએ કડવાશ ઉત્પન્ન કરે છે. ક્યાંક તિરસ્કાર પેદા કરે છે. ક્યાંક અવરોધ પેદા કરે છે. કયાંક ત્રાસ આપે છે તેની ઉપેક્ષા કરવી તે વૈરાગ્ય છે અને એની બાબતમાં જે ત્રાસ સહન કરવો પડે તેને સંતોષપૂર્વક સહન કરવાનું નામ તપ છે.

વૈરાગ્ય અને તપના હલેસા દ્વારા વિવેકવાન વ્યક્તિ પોતાની સાધનાની નાવને હંકારે છે અને સત્યના પરમ લક્ષ્ય સુધી પહોંચે છે. આવી વ્યક્તિઓ યુગ પરિવર્તન કરી શકે છે.

Top

## ૧૮. સર્વશ્રેષ્ઠ કારીગરી :

કલાકારના હાથ અણઘડ વસ્તુઓને પકડે છે અને પોતાના સાધનો ધ્વારા નવરમ્ય સુંદરતા બક્ષે છે અને કિંમતી બનાવે છે. કુંભાર માટીના સુંદર રમકડા બનાવે છે. મૂર્તિકાર પથ્થરના ટુકડાને દેવ પ્રતિમામાં રૂપાંતરિત કરે છે. ગાયક વાંસના ટુકડામાંથી સંગીતનો ધ્વનિ તરંગિત કરે છે. સોનીના હથોડીમાં ઘા વેઠીને ધાતુનો ટુકડો આકર્ષક આભૂષણ બને છે. કાગળ, રંગ અને કલમ દ્વારા ચિત્રકારે સર્જેલા કિંમતી ચિત્રનો ચમત્કાર હરકોઈને આકર્ષે છે.

જીવન એક અણઘડ તત્વ છે, દયાજનક દુર્ગતિયુક્ત સ્થિતિમાં જ મોટાભાગની વ્યક્તિઓ જેમતેમ જીવન પસાર કરે છે. તેનાથી લાભ અને આનંદ ઉઠાવવાને બદલે જીવનને બોજા રૂપી બનાવીને કમર તોડતા અને ગરદન મરોડતા જણાય છે.

શું વાસ્તવમાં જીવન એવું જ છે જેને કંટાળીને ગમે તે રીતે પૂરું કરવામાં આવે છે ? તેના ઉત્તરમાં એટલું જ કહી શકાય છે કે અનાડીના હાથોમાં પડીને હીરો પણ ઉપેક્ષિત

રહેતો હોય, તો અતિ કિંમતી મનુષ્ય જીવન પણ કેમ બોજો બની ન રહે. પરંતુ એ પણ સ્પષ્ટ છે કે જો કલાકારની પ્રતિભાથી સંભાળી-શણગારી શકાય તો ચોક્કસ તેને દૈવી સ્તરનો, સ્વર્ગીય પરિસ્થિતિઓથી ભરપૂર બનાવી શકાય છે.

જીવન જીવવાની કલાનું નામ સાધના છે. જે માનવી અસ્તિત્વની ગરિમાને સમજી શકે અને અણઘડ સ્થિતિમાંથી બહાર આવીને સુસંસ્કૃત પદ્ધતિપૂર્વક જીવી શકે તેને સર્વશ્રેષ્ઠ કલાકાર કહી શકાય છે.

Top

## ૧૯. પરિવર્તન પ્રગતિની પ્રથમ સીડી :

પ્રગતિશીલ તેમને કહેવામાં આવે છે જેઓ પરિવર્તનની પ્રક્રિયાથી ભયભીત થતા નથી. તેઓ સારી રીતે જાણે છે કે સ્થિરતા જ જડતા છે, નીરસતા છે, નિષ્ક્રિયતા છે. જેઓ આગળ વધતા નથી, વિચારીને અનુભવોને સ્વીકારતા નથી, તેઓ પોતાની ઉર્જા ગુમાવી બેસે છે. અગ્રેસરે પ્રગતિ પથ પર આગળ વધતી વેળાએ ગઈ ગુજરીને ભૂલવી પડે છે અને આવનારને સ્વીકારવી પડે છે. પ્રતિકૂળતાઓથી ટક્કર લેવા માટેની મનઃસ્થિતિ બનાવવી પડે છે. જેઓ ગતિશીલ છે તેમનામાં જીવન છે, પ્રાણ છે, સફળતાની બધી સંભાવનાઓ તેમનામાં હયાત છે. જે જીવિત હોવા છતાંય પણ પરિવર્તનથી ડરે છે, તે પ્રાણહીન છે, નિસ્તેજ છે, મડદા સમાન છે.

રાત્રિ અને દિવસ, ઠંડી અને ગરમી, લાભ અને નુકસાન, પ્રાપ્તિ અને વિયોગની જેમ કેટલાય પરિવર્તન ક્રમ વ્યક્તિના જીવનમાં આવે છે. તે પરસ્પર વિરોધી જણાતા હોવા છતાંય એકબીજા સાથે અવિભકત રૂપે જોડાયેલા છે. યુગ બદલાય છે ત્યારે સમગ્ર સમુદાયને પ્રભાવિત કરે છે. સર્જન અને વિનાશનું તેમાં જોડકું હોવા છતાંય તેનું પરિણામ સુખદ હોય છે. તોફાન જયારે સમગ્ર વાતાવરણને છિન્નભિન્ન કરે છે ત્યારે વરસાદના ટીંપા પણ સાથે દોડી આવે છે.

મનુષ્યનું વ્યક્તિગત અને સામૂહિક જીવન એવા જ પરિવર્તનોથી ભરેલા અવસરોનો સમૂહ છે. તેનું આગમન માનવ સમુદાયને સજાગ, સાહસિક, પ્રખર બનાવવા માટે થાય છે. માનવી ગરિમા એમાં જ છે કે આપત્તિઓનું, પડકારોનું, પરિવર્તનના પ્રગતિ પથ

પર આગળ જવા માટે સ્વાગત કરવામાં આવે. તેનાથી ભયભીત થઈને જે તે સ્થિતિમાં પડી રહેવામાં કાયરતા છે. જીવન સંગ્રામમાં તેઓ જ સફળ થાય છે જેઓ પરિવર્તનોને પ્રગતિનો પર્યાય માનીને હસીને સ્વીકારે છે. ગળામાં લગાડે છે.

Top

## ૨૦. ઈશ્વર ઉપાસના સાથે જોડાયેલી શ્રેષ્ઠ ભાવનાઓ :

ઉપાસના દરરોજ કરવી જોઈએ. જેણે સૂર્ય અને ચંદ્ર બનાવ્યા, ફૂલ અને ફળના છોડ ઉછેર્યા, કેટલીય વર્ણ-જાતિના પ્રાણી બનાવ્યા તેની પાસે બેસીશું નહીં તો વિશ્વની યથાર્થતાનો પત્તો કેવી રીતે લાગશે ? શુદ્ધ હૃદયથી કીતર્ન, ભજન પ્રવચનમાં ભાગ લેવો, પ્રભુની સ્તુતિ છે. તેનાથી આપણા શરીર, મન અને બુદ્ધિના તે સૂક્ષ્મ કેન્દ્રો જાગૃત થાય છે જે મનુષ્યને સફળ સદગુણી બનાવે છે. ઉપાસનાનો જીવન વિકાસની સાથે અદ્વિતીય સંબંધ છે.

પરંતુ ફક્ત પ્રાર્થના જ પ્રભુનું સ્તવન નથી. આપણે કર્મથી પણ ભગવાનની ઉપાસના કરીએ છીએ. ભગવાન કોઈ મનુષ્ય નથી, તે તો સર્વવ્યાપક અને અને સર્વશકિતમાન ક્રિયાશીલ સત્તા છે. એટલા માટે ઉપાસનાનો અભાવ રહેવા છતાંય તેના નિમિત્તે કર્મ કરનારો મનુષ્ય ઘણું જ શીઘ્ર આત્મજ્ઞાન મેળવી શકે છે. લાકડા કાપવા, રસ્તા માટેના પથ્થર તોડવા, મકાનની સ્વચ્છતા, સજાવટ અને ખળામાં અનાજ તૈયાર કરવું વગેરે પણ ભગવાનની સ્તુતિ છે. આપણે આ બધા કાર્યો એ આશયથી કરીએ કે એનાથી વિશ્વાત્માનું કલ્યાણ થશે. કર્તવ્ય ભાવનાથી કરેલા કર્મો અને પરોપકારથી ભગવાન જેટલા પ્રસન્ન થાય છે તેટલા કીર્તન ભજનથી થતા નથી. સ્વાર્થને માટે નહીં આત્મસંતોષને માટે કરેલા કર્મથી મોટી ફળદાયક ઈશ્વરની ભક્તિ બીજી કોઈ હોઈ શકે નહીં.

પૂજા કરતી વેળાએ આપણે કહીએ છીએ હે, પ્રભુ તું મને આગળ લઈ જા, મારુ કલ્યાણ કરો, મારી શક્તિઓને સર્વવ્યાપી બનાવી દો અને કર્મ કરતી વેળાએ આપણી ભાવના એ કહે છે કે હે પ્રભુ – તે મને એટલી શકિત આપી, એટલું જ્ઞાન આપ્યું, વૈભવ અને વર્ચસ્વ આપ્યું તે ઓછા વિકસિત પ્રાણીઓની સેવામાં કામ આવે. હું જે કરું છું તેનો લાભ સમગ્ર સંસારને મળે.

આ ભાવનાઓમાં કંઈક વધુ શકિત અને આત્મકલ્યાણની સુનિશ્ચિતતા છે. એટલા માટે ભજનને જ નહીં ઈશ્વરીય આદેશોના પાલનને સાચી ઉપાસના માનવી જોઈએ.

Top

## ૨૧. મુશ્કેલીઓ જરૂરી પણ છે અને લાભદાયક પણ :

અગ્નિ સિવાય રસોઈ પાકતી નથી, ઠંડી દૂર થતી નથી અને ધાતુઓ પણ ઓગળી શકતી નથી. આદર્શોની પરિપકવતાના માટે એ જરૂરી છે કે તેના પ્રત્યેની નિષ્ઠાની ગાઢતા મુશ્કેલીઓની કસોટી પર કસી શકાય અને સાચાં-ખોટા હોવાથી યથાર્થતા સમજી શકાય. તપ્યા સિવાય સોનાની પ્રામાણિકતા કેવી રીતે માની શકાય ? આ તો શરૂઆતની કસોટી છે.

મુશ્કેલીઓને કારણે ઉત્પન્ન થયેલી અગવડોને બધા જાણે છે. આથી એનાથી બચવાનો પ્રયત્ન માટે દૂરદર્શિતા અપનાવવી પડે છે. હિંમતનો આશરો લેવો પડે છે અને એવા ઉપાયો શોધવા પડે છે જેની સહાયથી વિપત્તિથી બચવું સંભવ થઈ શકે. આ છે તે બુદ્ધિતત્વ જે મનુષ્યને યથાર્થવાદી અને સાહસિક બનાવે છે. જેમણે મુશ્કેલીઓમાં પ્રતિકૂળતાઓને અનુકૂળતામાં બદલવા માટે પરાક્રમ કર્યુ નહીં તેમને સુદ્રઢ વ્યક્તિત્વના નિર્માણનો અવસર ગુમાવ્યો છે તેમ સમજવું, કાચી માટીના વાસણો પાણીના ટીંપા પડતાં જ ઓગળી જાય છે. પરંતુ જે લાંબા સમયે સુધી ભઠ્ઠાની આગ સહન કરે છે. તેમની સ્થિરતા, શોભા અને ઉપયોગિતા કંઈ વિશેષ વધી જાય છે.

તલવારની ધાર કાઢવા માટે તેને ઘસવામાં આવે છે. જમીનમાંથી બધી ધાતુઓ કાચી નીકળે છે. તેનું શુદ્ધિકરણ ભઠ્ઠી સિવાય બીજા કોઈ ઉપાયથી સંભવ નથી. મનુષ્ય કેટલો વિવેકવાન, સિદ્ધાંતવાદી અને ચરિત્ર નિષ્ઠ છે, એની પરીક્ષા, વિપત્તિઓમાંથી પસાર થઈને એ તપ, તિતીક્ષામાં પાકીને જ થાય છે.

Top

## ૨૨. યુગ ધર્મની અવગણના મોંઘી પડશે :

માનવીનું ભવિષ્ય ઉજ્જવળ કે અંધકારમય બનવાની આ વિષમ વેળા છે. એને આપત્તિકાળની સ્થિતિ સમજવી જોઈએ. પૂર, જવાળામુખી, ભૂકંપ, રોગચાળો, યુદ્ધ, અકસ્માત, જેવી વિષમ પરિસ્થિતિઓમાં આસપાસની વ્યક્તિઓ કોઈને કોઈ સ્વરૂપમાં યોગદાન આપે છે. પ્રસુપ્ત (આળસુ) લોકોની વાત બીજી છે.

જેમને યુગ પરિવર્તનનો આભાસ થાય, જેમને પોતાની અંદર નરપશુઓ કરતાં ઊંચા સ્તરના હોવાનો આભાસ થાય, તેમણે પેટ અને પ્રજનન માટે જીવતા ક્ષુદ્ર પ્રાણીઓ જેવો નિર્વાહ કરવાની પ્રક્રિયા સુધી સીમિત રહેવું જોઈએ નહીં, તેઓએ થોડી સમયની માંગ, યુગનો પોકાર, કર્તવ્યોનો પડકાર અને મહાપ્રજ્ઞાના પ્રવાહ-પ્રેરણાને સાંભળવા-સમજવા અને તેને અનુરૂપ ઢળવા અને બદલવાનો પ્રયત્ન કરવો જોઈએ. અંતરાત્મા પર ગાઢ અંધકાર અને ઠોસ પ્રકૃતિનું સામ્રાજય હોય તો વાત બીજી છે, નહીંતર કોઈ પણ આ યુગસંધિની વેળામાં પરિવર્તનના કાળમાં યુગધર્મથી વિમુખ રહી શક્તુ નથી. લોભ અને મોહની સીમિત જરૂરીયાત સમજી શકાય છે. તેની પૂર્તિ પર ચાલતાં ફરતા જ થઈ શકે છે, પરંતુ તેની જ હાથ કડી, બેડીઓમાં બંધાઈને અપંગ બની જવું શોભાસ્પદ નથી, વિશેષતા આવી વિષય વેળામાં જેવી કે મહાભારત કાળમાં અર્જુન જેવાની સન્મુખ પ્રસ્તુત હતી.

નિર્વાહ અને પરિવારની સમસ્યાઓનું સમાધાન કરતા જઈને પણ હર કોઈ ભાવનાશીલ યુગ ચેતનામાં કોઈને કોઈ પ્રકારે ચોક્કસ રૂપથી સહયોગી બની શકે છે. ખિસકોલી અને શબરી જેવા અંશદાન તો વિષમ પરિસ્થિતિવાળાઓ માટે પણ સંભવ છે. આ મોં સંતાડવાનો અને આંખ બચાવવાનો સમય જ નથી. આજકાલ અપનાવેલ ઉદાસી ભાવ ચિરકાળ સુધી પીડા અને શિક્ષાનું કારણ બની રહેશે. આ અહિતને પણ તેઓ સમજે જેઓ પ્રત્યેક પળે, પ્રત્યેક વાતમાં લાભ જ લાભની વાત વિચારતા રહે છે.

Top

## ૨૩. સદાશયતાનું પ્રતિભાઓને આમંત્રણ :

ભૂમિખંડોમાં ફળદ્રુપતા જરૂરી છે, પરંતુ તેની એટલી ક્ષમતા નથી કે સમુદ્ર સાથે સીધો સંબંધ જોડી શકે. તેને વાદળોની કૃપાનો લાભ લઈને પોતાની તરસ સંતોષવી પડે છે. આ તૃપ્તિનો લાભ ખેતરોને હરિયાળા બનાવવા તથા અસંખ્ય જીવોની ભૂખ-તરસ શાંત થવાના રૂપમાં મળે છે.

જન સાધારણ બધા સ્તરોના લોકોનુ એક સંમિશ્રિત સ્વરૂપ છે. તે બધામાં એવા અસંખ્ય લોકો છે જેમનામાં ઉચ્ચ સ્તરની પ્રતિભાઓ પ્રસુપ્ત સ્થિતિમાં પડેલી છે તેમને જો સદાશયતાની સાથે ઘનિષ્ટ બનવાનો અવસર મળી શકે તે તેઓ તૂટયું ફૂટયુ મુશ્કેલી જીવન ન જીવે. પોતાના માટે અને બીજાઓને માટે કંઈને કંઈ સિદ્ધિઓ મેળવી શકે. પરંતુ તેને દુર્ભાગ્ય જ કહેવું જોઈએ કે ન તો કૂવો તરસ્યા પાસે પહોંચે છે કે તરસ્યો કૂવા પાસે, મહાનતા પ્રતિભાઓની સાથે સંબંધ જોડવા માટે વ્યાકુળ છે. પ્રતિભાઓ ઈચ્છે કે ન ઈચ્છે, પરંતુ એ ચોક્કસ છે કે જો તેઓને 'છીપને સ્વાતિ બુંદ મળવા' જેવો સુયોગ મળી શક્યો હોત તનો તેમનામાં કિંમતી મોતી ઉત્પન્ન થાત, સૌભાગ્ય પ્રશંસા મેળવત. પરંતુ એ હઠીલા અવરોધોનું શું કરી શકાય જે પોતાની જગ્યાએ પથ્થરની જેમ ચોંટી ગયા છે.

જેઓ અવરોધોનું સમાધાન શોધે છે તેઓ દૂરદર્શી છે. એવા લોકો ભલે પરિશ્રમમાં ડૂબેલા રહે અને વાદળોની જેમ ઉમટી પડે, તેમને દેવતાઓ જેવું શ્રેય મળે છે. વાદળો આકાશમાં છવાયેલા રહે છે અને ઉંચા આકાશમાં વિહરતા રહે છે ત્યારે બધા લોકો તેમની પ્રતિક્ષા કરતા રહે છે અને નજર ઠરાવી રાખે છે. જો તેઓએ આ મુશ્કેલ જવાબદારી ખભા પર ધારણ ન કરી હોત તો ક્યાંય હરિયાળીના દર્શન ન થાત અને જળાશયોનું અસ્તિત્વ પણ જોવા ન મળત. કર્તવ્ય એટલે કર્તવ્ય તેનું કોઈ પાલન કરીને જુએ તો તે આશરો કેટલો રસાળ બને. વાદળોને ખાલી થઈને પાછા વળવાની પ્રક્રિયામાં રસ ન હોત, તો ચોક્કસ જ આ સુષ્ક નીરસ લાગનાર કામને કરવાની તેઓએ ક્યારનો ઈન્કાર કરી દીધો હોત.

Top

## ૨૪. સામર્થ્યનો આશ્રય લો :

જીવન સ્થિર નથી. તેની સાથે જોડાયેલી સુવિધાઓનુ પણ કોઈ ઠેકાણું નથી. હસતું બાળપણ જવાબદારી યુક્ત યુવાનીની તરફ આગળ વધે છે અને વેદનાયુક્ત વૃદ્ધત્વમાં બદલાઈ જાય છે. સંપત્તિ પણ હંમેશા કોને સાથે આપે છે અને મિત્ર, સહયોગીઓ પણ પાણીમાં પરપોટાની જેમ ઉછળે છે અને સમયની સાથે આગળ ચાલી જાય છે. અનુકૂળતાઓ હંમેશાં રહેતી નથી, થોડા સમય પછી તે પણ પ્રતિકુળતાઓમાં બદલાઈ જાય છે. સૂર્ય અને ચંદ્ર પણ સ્થિર નથી તો બીજા કોની પાસે સાથ મળવાની આશા કરવામાં આવે. જયાં શરીર પણ સાથ છોડી દે છે તો સ્વજન સંબંધીઓ પાસે ક્યાં સુધી સાથ મળવાની આશા કરી શકાય?

સ્થિર દુનિયામાં એક ઈશ્વર જ છે જેને ધર્મ પણ કહેવાય છે. ઈશ્વર અર્થાત્ માનવીય ગરિમાને અનુરૂપ સ્વયંને ઢાળવા માટે વિવશ કરવાની વ્યવસ્થા. આ જ છે ઈશ્વરનો આશ્રય અને ધર્મનું અવલંબન. તેમનામાં જ હંમેશા સાથ આપવાની અને વિશ્વાસપૂર્વક મૈત્રી નિભાવવાની ક્ષમતા છે. તેઓ એટલા સુદ્રઢ અને અટલ છે કે દુનિયાનું કોઈ તોફાન તેમને ડગમગાવવામાં સમર્થ નથી. ગમે તેનો આશરો ટાંપીને રહેવું અને સાથ નિભાવવાની આશા કે અપેક્ષા રાખવી વ્યર્થ છે. જેઓ અસ્થિર છે તેઓ બીજા કોઈને અને ક્યાં સુધી સાથ નિભાવી શકશે.

આ સૃષ્ટિમાં માત્ર ધર્મ અને ઈશ્વર જ સ્થિર સામર્થ્યવાન છે, જેમને પોતાની પરિષ્કૃત અંતરાત્મામાં મેળવી શકાય છે. તેમનાં શરણે જવું તેમાં બુદ્ધિમત્તા સમાયેલી છે.

Top

## ૨૫. આંગણામાં આવેલું કલ્પવૃક્ષ :

દેવલોકમાં કલ્પવૃક્ષ આવેલું છે તેની માન્યતા સાચી નથી કે જેની નીચે બેસીને મનુષ્ય પોતાની જરૂરિયાત પૂરી કરે છે. જો તે કલ્પના સાચી હોય તો તમે કેવી રીતે સ્વર્ગ પહોંચી શકશો.

એક બીજું વાસ્તવિક કલ્પવૃક્ષ છે જે તમારી પાસે છે અને માન્યતાઓને અનુરૂપ પણ છે. તેની પાસે જાઓ તેમાં સારાપણું છે અને નિશ્ચિત રૂપે મનોરથો પૂરા કરો.

તે ભૂલોકનું કલ્પવૃક્ષ તમારું વ્યક્તિત્વ છે. તેના પર ધૂળનું આવરણ ચઢેલું છે તેથી તે ઠીક રીતે દ્રશ્યમાન થતું નથી તેના પર જામેલા મેલના આવરણો ખસેડો અને જુઓ કે તે કેટલું સુંદર અને ઉદાર છે. વ્યક્તિત્વ પર ચઢેલા દુર્ગુણોની મલિનતા જ તેને નિરર્થક સ્તરનું બનાવી દે છે અને કોઈના કામમાં આવતું નથી. તે એટલા સ્તરનું બગડે છે કે તેનો ભાર ઉઠાવવો પણ કઠીન લાગે છે.

પરિષ્કૃત વ્યક્તિત્વ એ છે જેમાં માનવીય ગરિમાને યોગ્ય ગુણ, ધર્મ, સ્વાભાવની વિશેષતા હોય. એ સન્માર્ગ પર ચાલનારાઓ માટે ઘરમાં પધારેલા દેવતા સમાન છે. તેની સજાવટ અને અર્ચના કરીને તમે તે સ્થિતિમાં પહોંચી શકશો જે પ્રગતિ અને શાંતિના બંને વરદાન વણમાંગ્યા અર્પણ કરે છે.

Top

## ૨૬. સમર્થતાનો સદુપયોગ :

વેલ વૃક્ષની સાથે વીંટવાઈને ઊંચે તો જઈ શકે છે, પરંતુ તેને પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટેનો રસ જમીનની અંદરથી જ મેળવવો પડશે. વૃક્ષ વેલને આશરો આપી શકે છે, પરંતુ તેને જીવિત રાખી શક્તી નથી. "અમરવેલ" જેવો અપવાદ દાખલો બની શકે નહીં.-

વ્યક્તિગતનું ગૌરવ કે વૈભવ બહારથી દ્રષ્ટિગોચર થાય છે. તેનું વડપણ આંકવા માટે તેના સાધન અને સહાયકો આધારભૂત કારણ જણાય છે. પરંતુ વાસ્તવમાં વાત એવી નથી. માનવીની પ્રગતિના મૂળભૂત તત્વો તેના અંતરની ઊંડાઈમાં સમાયેલા હોય છે.

મહેનતું, વ્યવહાર, કુશળ અને મિલનસાર પ્રકૃતિની વ્યક્તિ કમાણી કરવામાં સમર્થ બને છે. જેમનામાં આ ગુણોનો અભાવ હોય છે તેઓ પૂર્વજોએ વારસામાં આપેલી સંપત્તિની રખેવાળી પણ કરી શક્તા નથી અંદરની પોકળતા તેને બહારથી પણ દરિદ્ર જ બનાવી દે છે.

ગૌરવશાળી વ્યક્તિ કોઈ દેવી-દેવતાની કૃપાથી મહાન બનતી નથી. સંયમશીલતા, ઉદારતા અને સજ્જનતા દ્વારા મનુષ્ય સુદ્રઢ બને છે પરંતુ તે દ્રઢતાનો ઉપયોગ લોકમંગળના કાર્યો માટે કરે તે પણ જરૂરી છે, સંપત્તિનો ઉપયોગ સત્પ્રયોજનોના હેતુઓ

માટે ન કરવામાં આવે તો તે ભારરૂપ બનીને રહી જાય છે. આત્મશોધનનું મહત્વ ત્યારે છે જ્યારે તે ચંદનની માફક પોતાની આસપાસના વાતાવરણમાં સત્પ્રવૃત્તિઓની સુગંધ ફેલાવી શકે છે.

Top

## ૨૭. વૈચારિક પારસમણિ :

સર્જનહારે જન્મની સાથે આપણને પારસમણિ આપેલ છે અને તે એવો છે કે આજીવન સંતાઈ કે ખોવાઈ જવાનો ભય નથી.

આ પારસમણિનું નામ છે – વિચારણા. તે મગજની કિંમતી તિજોરીમાં એવી રીતે સુરક્ષિત છે કે જયાં કોઈ ચોર પહોંચી શકે તેમ નથી તે હોવાથી વ્યક્તિને કોઈ હારનું સંકટ આવવાની આશંકા નથી.

વિચાર નકામું મનોરંજન સમાજવામાં આવે છે. પરંતુ વાસ્તવમાં વિચારમાં અનંત સર્જનાત્મક શક્તિ છે. તેઓ એક પ્રકારના ચુંબક છે જે પોતાને અનુકૂળ પરિસ્થિતિઓને ક્યાંયથી પણ ખેંચીને બોલાવે છે. કોઈને સાધન ભેટમાં મળ્યા નથી અને જો મળ્યા છે તો તે ટક્તા નથી. આપણું પેટ જ ખોરાક પચાવે છે અને જીવતા રહેવા યોગ્ય રસ-લોહીનું ઉત્પાદન કરે છે. બરાબર એ જ રીતે વિચાર જ વ્યક્તિના સ્તરનું નિર્માણ કરે છે. તેના જ આધાર પર ક્ષમતાઓ પેદા થાય છે. વિચાર અને ઈચ્છાને પરાક્રમ દ્વારા અવસર પૂરો પાડી શકાય છે.

વિચારોની સર્જનાત્મક ક્ષમતા સમજવી અને તેમને સાચી દિશામાં ગતિશીલ બનાવવા જ તે સૌભાગ્ય છે જેને પ્રાપ્ત પારસમણિ મેળવી આપે છે.

Top

## ૨૮. સત્યને સમજો-સત્યને પકડો :

સંકટો અને વિગ્રહો વાદળાઓની જેમ આવે છે અને ચાલી જાય છે. વૈભવનું પણ કોઈ ઠેકાણું નથી. તે હસી મજાકની જેમ સંતાકૂકડી રમે છે અને હાથતાળી દઈને ગમે ત્યારે નાસી જાય છે. સ્વયં જીવન પ્રવાહ પણ અસ્થિર છે. પાણીના પરપોટાની જેમ જે હમણાં હમણાં ઉછાળતો-કૂદતો હતો, તે પોતાનું અસ્તિત્વ ગુમાવીને ન જાણે ક્યાંય ચાલી જાય

છે. જે દેખાય છે તે તોફાનની જેમ માત્ર પ્રવાહ છે. લહેરોને ગણનાર બાળકની જેમ વ્યાપેલી ચંચળાને આશ્ચર્યચકિત-નિરાશ થઈને જોઈ રહેવું પડે છે. અહીં સમગ્ર ઉલઝનો વણઉકેલી અને સમગ્ર સમસ્યાઓ વણઉકલી રહે છે.

આ અમર્યાદિત અંતરિક્ષમાં અટલ ધ્રુવતારો એક જ છે ‘ધર્મ’ ! ધર્મ અર્થાત્ કર્તવ્ય, ફરજ, ડયૂટી જવાબદારી અને ઈમાનદારીનો સમૂદાય, પથ્થર સાથે બાંધેલી નૌકા નદીના તોફાનમાં યથાસ્થાને ઊભી રહે છે. પહાડોને આંધી પણ ગબડાવી શકે નહીં. જેણે પોતાની નિષ્ઠા કર્તવ્યની સાથે જોડી દીધી, તેને કોઈ ભયથી હારવું પડતું નથી. પૃથ્વી ઠંડી અને ગરમી શાંતિપૂર્વક સહન કરે છે. નિષ્ઠાવાન જિંદગી ન તો સંકટ સામે નમે છે કે ન તો વૈભવથી છકી જાય છે.

આ સર્વવ્યાપી અસત્યમાં એક ઈશ્વર જ સત્ય છે. આ પ્રવાહમાં એક ધર્મ જ સ્થિર છે. જે સત્યને પકડે છે અને સ્થિર રહે છે, તે જ જીવવા યોગ્ય જીવન જીવે છે.

Top

## ૨૯. શાંતિ અને સૌંદર્યને સ્વયંની અંદર શોધો :

જેમને લોકો પતિત, સંકટગ્રસ્ત, અને નિમ્ન કોટિના ગણે છે તેમને પ્યાર કરો. જેમને ફક્ત નિંદા અને ગાળો મળે છે, જેઓ પોતાના પછાતપણાને કારણે કોઈના મિત્ર ન બની શક્તા હોય અને પ્યાર ન મેળવતા હોય તેમને પ્યાર કરો. પ્યાર કરવા યોગ્ય તે જ લોકો છે જેમને સ્નેહ સદ્ભાવ આપીને તમે સ્વયંને ગૌરવશાળી બનાવશો. માંગશો નહીં, ઈચ્છા ન કરો. આપીને તમે સ્વયંને ગૌરવશાળી અનુભવો.

જેમની ત્વચા ઉજળી અને જોવામાં સુંદર છે તેમને જોવા માટે દોડી ન જાઓ. એવું તો પતંગિયા અને ભમરા પણ કરી શકે છે. જેઓ ગરીબાઈ અને બીમારીની ચક્કીમાં પિસાઈને કુરુપ દેખાવા લાગે છે. તેઓને તમો પ્રકાશમાં લાવો. અભાવો (ખોટ)ને લીધે જેમના હાડકાં દેખાઈ રહ્યા છે અને આંખોનું તેજ ઘટી ગયું છે તેવી નિરાશ વ્યક્તિઓમાં આશાનું સંચારણ કરીને તમે પોતાને ધન્ય બનાવો.

ઘોંઘાટ અને રૂદનની સાથે જોડાયેલી તકલીફોને જોઈને ડરો નહીં, ભાગો નહી, પરંતુ તેવું કરો જેનાથી અશકિતને હઠાવી શકો અને શક્તિને વધારી શકો. શાંતિ મેળવવા

માટે એકાંત ન શોધો અને બગીચાઓમાં ન ભટકો, તે તો તમારી અંદર જ છે અને તે ત્યારે પ્રગટ થાય છે જ્યારે તમે કોઈ એવું કામ કરો છો જેનાથી અનીતિઓ અને ભ્રમણાઓનું નિરાકરણ થઈ શકે. સત્પ્રયત્નોની સાથે જ શાંતિ જોડાયેલી છે.

Top

## ૩૦. તપ જે સાર્થક – સિદ્ધ થયું :

તે ઘણી મુસીબતોના દિવસો હતા. ગૃહ કલેશમાં ફસાયેલા ભાગીરથનો પરિવાર પીડિત થઈને મુસીબતોમાં બળી રહ્યો હતો. કેટલાય વર્ષોથી દુષ્કાળ પડી રહ્યો હતો. જનતા એક-એક પાણીના ટીંપા માટે તરસે મરી રહી હતી. ગંગા નારાજ થઈને સ્વર્ગમાં જતી રહી હતી. રાજકોષ ખાલી થઈ ગયો હતો. ભાગીરથ નિંદા અને ચિંતાથી બેચેન હતા. પ્રજાજનો તે પ્રદેશને છોડીને કોઈ બીજી જગ્યાએ વસવાટ કરવા જઈ રહ્યા હતા. વાતારવણ ભય અને આતંકથી ભરેલું હતું.

મહર્ષિ ભરદ્વાજની સલાહ લઈને ભાગીરથ એકલા તપ કરવા માટે હિમાલય એકાંતવાસ માટે ચાલી ગયા. ગંગોત્રીની નજીક સુમેરુ શિખરની નીચે ભાગીરથ શિલા પર તેમણે તપ શરૂ કરી દીધું. તેમનું લક્ષ્ય એક જ હતું. પાછી ગયેલી ગંગાને પરત બોલાવવી. તેઓ તપમાં લાગી ગયા શિવજીએ તેમનું તપ સાર્થક કરવામાં સહાયતા કરી. ઘણી મુશ્કેલી પછી ગંગા પરત આવી. સમય બદલાયો, સંકટ દૂર થયું અને દુષ્કાળ પીડિતોએ સંતોષનો શ્વાસ લીધો.

ભાગીરથની પાછળ ભાગીરથી ચાલી નીકળી. તપમાં જે વત્તી ઓછી ખામી બાકી હતી તેની પૂર્તતા સપ્તર્ષિ મળીને એક સાથે સપ્તસરોવરમાં કરવા લાગ્યાં.

સુખ-શાંતિનો સમય પાછો આવ્યો, સપ્તઋષિઓનો પ્રયાસ પૂરો થયો. ભાગીરથી તપશ્ચર્યાએ સમગ્ર વાતાવરણ બદલી નાંખ્યું. સૌ લોકોએ તપનો મહિમા અને એકાકી પુરુષાર્થનું ગૌરવ જાણ્યું. શાંતિને પાછી વાળવાનો આ એક જ માર્ગ હતો.

Top

## ૩૧. 'સ્વ'નો વિકાસ અને સમષ્ટિગત હિતની સાધના

વિકસિત વ્યક્તિત્વની ઓળખ શી છે ? ઉચ્ચ ચરિત્ર શું છે ? સદ્દગુણોનો સમૂદાય સદ્દગુણોના સત્પરિણામોથી બધા પરિચિત છે. તો પછી તેમનો પ્રયોગ કરવામાં શી મુશ્કેલી પડે છે ? અને તેમનું સમાધાન કેમ મળતું નથી એનો એક શબ્દમાં ઉત્તર આપવો હોય તો તે છે વ્યકિતનો સ્વ કેન્દ્રિત થવો. પોતાની જાતને મર્યાદિત ક્ષેત્રમાં સંકુચિત કરનારા સંપર્ક ક્ષેત્ર પર પોતાના આચરણની પ્રતિક્રિયા પર ધ્યાન આપતા નથી અને માત્ર પોતાની પ્રસન્નતા અને સુવિધાની વાત વિચારતા રહે છે. એવા લોકો માટે નીતિ નિયમોની કથા ગાથા સંભળાવાય છે. એ લોકો સંકીર્ણ સ્વાર્થપરાયણતાને મજબૂતીથી પકડી રાખે છે જે સ્વંયને પસંદ હોય છે. પછી ભલે તેનાથી બીજાઓનું કેટલુંય અહિત કેમ ન થાય.

સદ્દગુણ સામાજિક દ્રષ્ટિકોણથી ફળદાયી નીવડે છે. 'સ્વ' ને સુવિસ્તૃત કરી લેવાથી એ અનુભૂતિ થાય છે કે આપણે કોઈ વિરાટનો નાનો અંશ છીએ. આપણો સ્વાર્થ, પરમાર્થની સાથે અવિભક્ત રૂપથી જોડાયેલો છે. શરીરની સમગ્રતયા રચના થયેલી હોવા છતાંય તેના અંગનું (અંશનું) વિશેષ રૂપે મહ્ત્વ છે. નહીંતર તે એકલું વિકસિત રહેવા છતાંય અન્ય અંગો કષ્ટદાયક રહેવાથી કોઈની ભલાઈની સંભાવના નથી. આવું વિચારનારા સમષ્ટિને નુકસાન પહોંચાડીને પોતાનો સ્વાર્થ સાધવાની વાત વિચારતા નથી. આ તે કેન્દ્રબિંદુ છે. જ્યાંથી અનેકવિધ સત્પ્રવૃત્તિઓનો આવિર્ભાવ અને પરિપોષણ થતું જાય છે.

Top

## ૩૨. માનવ જીવનની વિશિષ્ટતા અને સાર્થકતા :

ભગવાને મનુષ્યના રૂપમાં અસાધારણ ભેટ આપી છે, તો સાથે જ એ જવાબદારી પણ સોંપી છે કે એ વિભૂતિનો યોગ્ય ઉપયોગ કરવામા આવે.

દુરૂપયોગ કરવાથી તો અમૃત પણ ઝેર બની જાય છે. ધન-વૈભવ પણ એવી અનેક દુષ્પ્રવૃત્તિઓ શીખવાડે છે જે સ્વયંની બરબાદીની સાથે સ્વાસ્થ્ય, સમતોલન, યશ અને સહ્યોગ ઝૂંટવી લેવાનું નિમિત્ત કારણ બનતી જાય છે. જીવધારીના માટે સૌથી મોટો

સુઅવસર એ છે તે મનુષ્ય જન્મ મેળવી શકે. તેમાંય ભાગ્યશાળી તેઓ છે જેઓ તેનો સદ્ઉપયોગ જાણે છે અને કરે છે. પેટ અને પ્રજનની સુવિધા તો દરેક યોનિમાં છે. જેનો જેવો આકાર અને સ્વરૂપ છે તેને તે સ્તરની સુખ-સુવિધાઓ, સંવેદનાઓ પ્રાપ્ત કરવાનો સુઅવસર પણ છે. જો એટલું બની શકે તો સમજવું જોઈએ કે મનુષ્ય જીવનની ગરિમાને સમજવામાં ભૂલ થઈ અને દિવસો એવી રીતે પસાર થઈ ગયા જેમ અન્ય પ્રાણીઓ પસાર કરે છે.

માનવ જીવનની વિશેષતા એ છે કે તે પોતાના અંતઃકરણને, વ્યક્તિત્વને વિકસાવે અને એવા પદ ચિન્હો છોડે જેના પર પાછળથી ચાલનારા લોકોને પ્રગતિના પરમ લક્ષ્ય સુધી પહોંચવાની સુવિધા મળે. ટૂંકમાં, આ જ માનવી આદર્શવાદિતા છે, જેને અપનાવવાથી આ સુયોગ્યની સાર્થકતા પૂરવાર થાય છે.

Top

## 33. ઉદ્દંડતાનું પરિણામ વિપત્તિના રૂપમાં

વ્યક્તિ અને સમાજ પરસ્પર એકબીજા પર આધારિત છે. ઉદ્દંડ વ્યક્તિ પોતાના અણઘડ કૃત્યો દ્વારા સમગ્ર સમાજને પ્રભાવિત કરે છે અને અશાંતિ ફેલાવે છે. ક્રિયાની પ્રતિક્રિયા થાય છે. અનિચ્છનીય તત્વો લાંબા સમય સુધી ચલાવી લઈ શકાય નહી. તેને મુશ્કેલીઓ સર્જવાની છૂટ હંમેશા મળી શક્તી નથી.

વ્યક્તિની બિનજરૂરી ગતિવિધીઓ વ્યાપક વિક્ષોભ પેદા કરે છે અને સમાજ તથા પ્રકૃતિની તરફથી એવા લોકને નિયંત્રણમાં લાવવાની, કડવો પાઠ શીખવવાની, પ્રતિક્રિયા ચાલે છે. તેનું નામ વિપત્તિ છે. વિપત્તિથી ઘેરાયેલ વ્યક્તિ શીખે છે કે પોતાને બચાવવા માટે તેણે બીજાઓની મુશ્કેલી સમજવી જોઈએ. જો કે બુદ્ધિશાળી લોકો વિપત્તિ આવે તે પહેલાં જ પરિસ્થિતિ સમજી લે છે.

કોઈના પર ઉપકાર કરવો તે સજ્જનતા નથી, પરંતુ પોતાની જાતને ગાળાગાળી, વિરોધ આક્રોશથી બચાવવી તે છે. પ્રકૃતિના કઠોર નિયમોનો ઉલટાવેલો ક્રમ આપણને અસર ન કરે તેનાથી બચવું જરૂરી છે. પ્રકૃતિ ઉદ્દંડતા સહન કરતી નથી. સમાજ પણ તેનો વિરોધ કરે છે અને રાજયવ્યવસ્થા પણ. એ બધાથી સૌથી મોટું અંતઃકરણ છે જે

ઉદ્દંડતાની સ્થિતિથી છૂટવા માટે વિપત્તિઓને જ્યાં ત્યાંથી આમંત્રિત કરે છે. અનીતિનું આ જ પરિણામ છે.

Top

## ૩૪. પગદંડીઓમાં ભટકીએ નહીં.

જીવન એક વન છે, જે ફૂલ અને કાંટાઓથી ભરેલું છે. તેમાં હરિયાળી વાટિકાઓ છે અને ઉજ્જડ-વેરાન જમીન પણ છે. મોટા ભાગે વનમાં વન્ય પશુઓ અને વનવાસીઓના આવવા-જવાની નાની મોટી પગદંડીઓ બની જાય છે. એ પગદંડીઓ સુવ્યવસ્થિત દેખાતી હોવા છતાંય જંગલોમાં આગળ જતાં અદ્રશ્ય થઈ જાય છે. સરળતા અને સુવિધાને કારણે મોટાભાગે યાત્રીઓ આ પગંદડીઓને રસ્તે જાય છે અને સાચા રસ્તેથી ભટકી જાય છે.

જીવન વન પણ એવી જ પગંદડીઓથી ભરેલું છે, જે ઘણી છે, પરંતુ નાની દેખાય છે અને મુકામ સુધી પહોંચાડતી નથી. ઉતાવળિયા પગદંડીઓ પકડે છે, પરંતુ તેમને ખબર હોતી નથી કે તે અંત સુધી પહોંચાડતી નથી અને જલ્દી કામ થઈ લાલચે જંગલમાં ફસાઈ જવાય છે.

પાપ અને અનીતિનો માર્ગ જંગલની પગદંડી, માછલીનો કાંટો અને પક્ષીઓની જાળ જેવો છે. ઈચ્છિત કામનાઓ જલ્દીમાં જલદી અને વધુને વધુ પ્રમાણમાં પૂરી થઈ જાય, એ લાલચમાં લોકો તે રસ્તો પકડે છે જે જલ્દીથી સફળતાનો મંજિલે પહોંચાડે. જલ્દીબાજી અને વિશેષતા બંને વંદનીય છે. પરંતુ ઉતાવળમાં ઉદ્દેશ્ય નાશ પામે તો તેમાં બુદ્ધિમત્તા કહેવાય નહીં.

જીવનનો રાજમાર્ગ સદાચાર અને ધર્મ છે. તેના ઉપર ચાલીને લક્ષ્ય સુધી પહોંચવામાં સમય તો જાય છે, પરંતુ તેમાં જોખમ નથી. આપણે પગદંડીઓ ઉપર ન ચાલીએ, રાજમાર્ગ ઉપર, ન્યાયયુકત માર્ગ ઉપર ચાલીએ. જે સફળતા મળે તે ભલે મોડી અને થોડીક મળે પરંતુ તે સ્થાયી અને શાંતિદાયક હશે.

Top

## ૩૫. ઉન્નતિ નહીં પ્રગતિ અપેક્ષિત

ઉન્નતિ કરી શકવી કઠિન નથી. નવજાત બાળક મોટું થઈને છ ફુટની ઉંચાઈ સુધી પહોંચે છે. વડનું નાનું વક્ષ વિકસિત થઈને ઘણી મોટી જમીનને ઘેરી લે છે. નિર્દયી વાઘ વનરાજ કહેવાય છે. કીડીઓના દરોમાં પુષ્કળ અનાજ જમા થયેલું જોવા મળે છે. પહેલવાન અને સરકસના ખેલાડીના કાર્યો આશ્ચયચક્તિ કરે છે. ખિસ્સાકાંતરૂ પોતાની જિંદગીમાં લાખોના અધિકારી બને છે. ચતુર વ્યવસાયી લોકો મહેલો ઊભા કરે છે અને મોટરમાં સફર કરે છે. લક્ષાધીપતિઓ અને અમીર સામંતોની આ દુનિયામાં ખોટ કયાં છે.

ઉન્નતિ કરનારાઓની યાદી મોટી છે. એના માટે હરિફાઈ ઉત્તેજિત કરે છે અને ચતુરતા આકાશના તારા તોડીને સાધનસંપન્ન સંપત્તિ એકઠી કરે છે. પ્રતિભા અને શિક્ષણ પણ મહાવરો માંગે છે. પરિશ્રમી અને ચીવટાઈવાળા તેને સહજ રીતે મેળવી લે છે. દુનિયા ઘણા વેગથી ઉન્નતિની દિશામાં આગળ વધી રહી છે. વિજ્ઞાન, બુદ્ધિવાદ અને અર્થશાસ્ત્ર બધા એ દિશામાં સહાયક છે.

પ્રગતિ શબ્દ આંતરિક વિભૂતિઓ સાથે સંબંધિત છે. પોતાના સંબંધમાં સંયમ રાખવાથી અને બચતનો ઉપયોગ ઉચ્ચ ઉદ્દેશ્યો માટે ઉદારતાપૂર્વક કરવાથી પ્રગતિ થાય છે. પ્રગતિશીલ વ્યક્તિમાંથી જ દેવતા પ્રગટ થાય છે અને પ્રગતિશીલ સમાજ અને સમૂદાય સ્વર્ગીય વાતાવરણનો રસાસ્વાદ માણે છે. મનુષ્યની જવાબદારી અને લક્ષ્ય એ જ છે.

Top

## ૩૬. સંપત્તિની સાથે સદાશયતા :

સંપત્તિની જેટલી જરૂરિયાત છે. તેટલી જ જરૂરિયાત સદાશયતાની પણ છે. સદાશયતા આપણને હળીમળીને રહેવાનું અને વહેંચીને ખાવાનું શીખવે છે. પરસ્પર સ્નેહ અને સહયોગપૂર્વક કેવી રીતે રહી શકાય છે અને જે આપણી પાસે છે તેને વહેંચીને કેવી રીતે ખાઈ શકાય છે તે જ જ્ઞાનનો સાર છે. વિચારતંત્ર (જ્ઞાનતંત્ર) આપણી પાસે છે, પરંતુ

વિચારવાની કલાથી આપણે અપરિચિત છીએ. શ્રમ કરવાના સાધનો આપણે મળ્યા છે, પરંતુ ક્યો શ્રમ કરવો અને કેવી રીતે કરવો એનું ભાન કદાચિત જ કોઈકને જ છે.

સંપત્તિની સાથે સદાશયતાનો સમાવેશ જરૂરી છે, નહીંતર વાસી રહેતું ઉપયોગી ભોજન પણ સડશે અને તેને જે કોઈ ખાશે તે બીમાર પડશે. સંપત્તિના અભાવમાં કેટલાય લોકો કષ્ટ ઉઠાવે છે, પરંતુ તેનાથી વધુ લોકો એવા છે જેઓ સંપત્તિનો ઉપયોગ ન જાણતા હોવાથી દુઃખી છે. સંપત્તિવાનોને દુર્વ્યસનોમાં ડૂબેલા જોવામાં આવે છે. સોચની ખોટો ઉપયોગ પણ ઘાતક બને છે. સંપત્તિ બેસુમાર ભેગી થવાથી કુકર્મોની વણઝાર વધે છે. એટલા માટે સંપત્તિના બદલે સદાશયતાથી જિંદગી હસતાં હસતાં પૂરી થાય છે. પરંતુ ફક્ત સંપત્તિ પોતાને અને બીજાઓને માટે સંકટ જ પેદા કરશે.

Top

## ૩૭. તત્વજ્ઞાન અને સેવા સાધન :

સંગીત, કુસ્તી, ચિકિત્સા વગેરે અનેક વિષયો એવા છે જેમના સિદ્ધાંતો મોઢે કરવાથી કામ ચાલતું નથી, તેનો પ્રયોગ અને મહાવરો પણ કરવો પડે છે. પાણીમાં પડયા સિવાય તરવામાં કોણ નિષ્ણાંત બની શકે છે ?

અધ્યાત્મના સિદ્ધાંતો વાંચવા, સાંભળવા, સમજવા માટે વાત છે. તેનાથી દિશા જ્ઞાન થાય છે. પરંતુ મંજિલ તો ચાલવાથી જ પાર થાય છે. અધ્યાત્મનો અર્થ છે. અંતર્મુખી બનવું. આપણી અંદર સમાયેલી દેવ વિભૂતીઓને જાગૃત અને જીવંત બનાવવી. દેવતાની ઉપાસના સાધકને દેવતા બનાવી શકે, તેમના જેવી વિશેષતાઓ પેદા કરી શકે, ત્યારે તે પ્રયાસ સાર્થક બને છે.

પરમાર્થ કેન્દ્રી પુણ્ય પ્રયોજનોમાં જોડાયેલા રહેવું તે ઉપાય ઉપચાર છે, જેનાથી અધ્યાત્મ તત્વજ્ઞાનને કાર્યના રૂપમાં બદલવાની તક મળે છે અને તેના મહાવરાના આધારે તત્વજ્ઞાનને કર્મમાં વિકસાવાની તક મળે છે, આ જ સાર્થક અધ્યાત્મ છે. બળતણની વ્યવસ્થા પર આગને પ્રજવલિત રહેવાનો આધાર છે. તત્વજ્ઞાનનું સમગ્રતયા પ્રતિફળ મેળવવા માટે એ જરૂરી છે કે તેને સેવા સાધના દ્વારા કાર્યરૂપમાં

બદલતું રહેવા દેવામાં આવે. અધ્યાત્મવાદી અને સેવાભાવી હોવું એક જ તથ્યના બે પક્ષ છે.

Top

## ૩૮. જીવન-લક્ષ્યની પૂર્ણતાનો પ્રયાસ :

સચ્ચરિત્રતા, શિષ્ટતા, સતર્કતા, શૌર્ય, સાહસ, શ્રદ્ધા , કૃતજ્ઞતા વગેરે સદ્દગુણોનો પોતાની વિચારણા અને કાર્યપદ્ધતિમાં જેટલો વધુ સમાવેશ થતો જશે એટલી જ આંતરિક મહાનતા વધશે અને જીવન લક્ષ્યની પૂર્ણતા સરળ બનતી જશે. એના વિકાસનો પણ આપણે પ્રયાસ કરવો જોઈએ.

જીવન-નિર્વાહને માટે અનેક પ્રકારના નાના મોટા કામ કરવા પડે છે, તે બધા પ્રસન્નતાપૂર્વક કરીએ પરંતુ તેની પાછળ ઊંચો દ્રષ્ટિકોણ રાખીએ. એજ વિચારતા રહો કે એ કાર્યોને પવિત્ર ધર્મ કર્તવ્યની પૂર્તિના માટે લોકમંગલના માટે ભગવાનને બધી જવાબદારીઓ પુરી કરવા માટે કરવામાં આવી રહ્યા છીએ, લોભ, મોહ, તૃષ્ણા અને વાસનાથી પ્રેરિત થઈને કરી રહ્યા નથી. જો દ્રષ્ટિકોણમાંથી સ્વાર્થપરાયણતાની સંકુચિતતા દૂર કરવામાં આવે અને તેમાં કર્તવ્યપાલનની ભાવના જોડી દેવામાં આવે તો સામાન્ય જેવું દેખાતું નાનું મોટું કામ જ ઉચ્ચ કોટિનો પુણ્ય પરમાર્થ બની શકે છે. દ્રષ્ટિકોણ જ સર્વસ્વ છે. માન્યતાઓ બદલતાં બધું જ બદલાઈ જાય છે. નરકને સ્વર્ગમાં અને પતનને પ્રગતિમાં બદલવાનું સમગ્ર શ્રેય આપણા દ્રષ્ટિકોણને ફાળે જાય છે. આથી આપણે પ્રત્યેક પળે એ પ્રયત્ન કરવો જોઈએ કે આપણો પ્રત્યેક વિચાર અને પ્રત્યેક કાર્ય ઉચ્ચ આદર્શોથી, પવિત્ર ભાવનાથી ઓતપ્રોત થાય.

Top

## ૩૯. વિરાટને સંબોધન :

હે વિશ્વકર્મન ! આજે અમે તમારા સિંહાસનની સન્મુખ ઊભા રહીને આ વાત કહેવા આવ્યા છીએ કે અમારો સંસાર આનંદમય છે, અમારું જીવન ઉલ્લાસમય છે. આપે એ ઘણું સારું કર્યું કે અમને ભૂખ તરસના આઘાતથી જાગૃત રાખ્યા. તમારા જગતમાં, તમારી વ્યાપક શક્તિના અસીમ લીલાક્ષેત્રમાં અમને જગાડી રાખ્યા. એ પણ સારું થયું

કે આપે અમને દુ:ખ આપીને સન્માનિત કર્યા. વિશ્વના અસંખ્ય જીવોમાં જે દુ:ખ તાપની અગ્નિ છે તેનાથી જોડીને અમને ગૌરવશાળી બનાવ્યા. તે બધાની સાથે અમો તમારી સમક્ષ પ્રાર્થના કરવા આવ્યા છીએ કે આપનું પ્રબળ સમર્થ હંમેશાં વસંતના દક્ષિણ પવનોની જેમ પ્રવાહીત રહે. આપના વિવિધ ફુલોની સુગંધને લઈને આવતો પવન રાષ્ટ્રના શબ્દહીન, પ્રાણહીન, શુષ્કપ્રાય: જેવા આરણ્યકની બધી શાખાઓ-પાંદડાઓને હાલતા, આનંદિત, સુગંધિત કરે. અમારાં હૃદયની પ્રસુપ્ત શકિત-ફળ-ફૂલમાં સાર્થક થવા માટે પ્રગટી ઉઠે.

અમારા મોહના આવરણને હાઠવો, ઉદાસીની નિદ્રામાંથી અમને જગાડો અહીં આજ પળે અનંત દેશકાળમાં ધનવાન વિશ્વાચલની વચ્ચે અમે તમારા આનંદ રૂપને જોઈ શકીએ. આપણે પ્રણામ કરીને અમે સૃષ્ટિના તે ક્ષેત્રમાં પ્રવેશ મેળવવાની અનુમતિ માંગીએ છીએ, જયાં અભાવની પ્રાર્થના, દુ:ખનું રૂદન, મિલનની આકાંક્ષા અને સૌદર્યનું નિમંત્રણ અમને સતત આહ્વાન આપે છે. જ્યાં વિશ્વ માનવનો મહાયજ્ઞ અમારી આહુતિઓની પ્રતીક્ષા કરી રહેલ છે.

Top

## ૪૦. સુનિશ્ચિત વરદાયી – આત્મદેવ :

પરોક્ષ દેવતાઓ અસંખ્ય છે અને તેમની સાધના-ઉપાસનાનું મહાત્મ્ય તથા વિધાન (સૂત્રો) પણ અનેક છે. આટલી બધી વિધિ હોવા છતાંય એ નિશ્ચત નથી કે અપેક્ષિત કૃપા વરસાવશે જ, ઈચ્છિત વરદાન આપશે જ એ પણ શક્ય છે કે નિરાશા હાથ લાગે, માન્યતાને આધાત પહોંચે અને પરિશ્રમ નિરર્થક બની જાય.

આ બુદ્ધિવાદી યુગમાં દે માન્યતાઓ પર સંદેહ પણ કરવામાં આવે છે. તેના વિશે અવિશ્વાસ અને ઉપહાસયુક્ત ચર્ચાઓ પણ થતી જોવા મળે છે. આવી સ્થિતિમાં આપણે સર્વમાન્ય એવા દેવતાનો આશરો લેવો જોઈએ જે સાંપ્રદાયિક અંધવિશ્વાસોથી પર રહેલ સર્વમાન્ય હોય અને સાથે જ જેમના અનુદાન અને વરદાન સંબંધમાં પણ કોઈ વિરોધ ન થાય.

એવા દેવતા એક છે અને તે છે -આત્મદેવ, પોતાના સુસંસ્કૃત રૂપ અને પરિષ્કૃત વ્યક્તિત્વ. તેનો આશરો મળવાથી કોઈ અભાવયુક્ત રહેતુ નથી અને નિરામશ-તરછોડાયેલ. બધાની અંદર આત્મદેવની સત્તા સરખા પ્રમાણમાં હયાત હોવા છતાંય પણ તેને શ્રેષ્ઠતમ બનાવવા માટે સતત અભ્યાસની જરૂરિયાત પડે છે. પોતાના ચિંતન, ચરિત્ર, અને વ્યવહારને ઊંચા સ્તરનું બનાવવા માટે આત્મસુધાર અને આત્મવિકાસ કરવો પડે છે. આજ છે સુનિશ્ચિત ફળદાયક આત્મદેવની સાધના.

Top

## ૪૧. કર્મ જ સર્વોપરી :

આપણે બધા જે દેવશકિતઓની પૂજા-આરાધનાના ઉપાયો અને વિધાનોને જાણવા માટે ઉત્સુક રહીએ છીએ તે દેવ સત્તાઓ પણ વિધિ વ્યવસ્થા સાથે બંધાયેલી દેખાય છે. તેઓ પણ દૈવી વિધાનોની અવગણના કરતી નથી. તો શું તે સૃષ્ટિ-સંચાલન વિધાનની અને તેના વિધાતાની જ વંદના કરવામાં આવે ? આપણા ભાગ્યનું નિર્માણ તો તે વિધિ વ્યવસ્થા આપણા જ કર્મો પ્રમાણે કરે છે. આ જ તેનો સુનિશ્ચિત નિયમ છે. આપણા સ્વયંના કર્મોના ફળ આપવાનું તંત્ર તે ચલાવી રહ્યા છે.

આ રીતે આપણા ભોગ, સિદ્ધિઓ અને પ્રવૃત્તિઓના એકમાત્ર સૂત્ર સંચાલન આપણા સ્વયંના કર્મો જ છે. તો પછી દેવતાઓ અને વિધાતાને પ્રસન્ન કરવાની ચિંતા કરના રહેવામાં ક્યાંની બુદ્ધિમત્તા છે ?

આપણું સાધ્ય અને અસાધ્ય તો કર્મ જ છે. તે જ વંદનીય છે, તે જ પસંદ કરવા યોગ્ય અને આચરણને યોગ્ય છે. દૈવી વિધાન પણ તેનાથી ઊલટું અને તેની વિરુદ્ધ કંઈ કદી કરતું નથી. કર્મ જ સર્વોપરિ છે. તે જ પરિસ્થિતિઓ અને મનઃસ્થિતિઓના નિર્માતા છે. તેની જ સાધનાથી અપેક્ષિત સિદ્ધિઓ સંભવિત છે.

Top

## ૪૨. ત્રણ – અસાધારણ સૌભાગ્ય :

મનુષ્ય જીવન તે દુર્ગમ ખીણો જેવું છે, જ્યાં ડગલે-પગલે સંકટ છે, પ્રત્યેક આગળની પળે કાં તો ચઢાણ છે કે પછી ઉતરાણ, કાંટાળી વનરાજી પણ છે અને એવી ઊંડી ખીણો છે જ્યાં ગબડીને ફરીથી ઉપર સુધી પહોંચવું સંભવ જ નથી. જે લોકો એમ માને છે કે તેઓ પોતાની એકલાની શક્તિથી આગળ વધી શકે છે, તેમની સમજણને આવા પહાડોમાં, પ્રકાશ અને ભોમિયા સિવાય ફરનાર મુસાફરની જેમ મૂર્ખતાપૂર્ણ ગણી શકાય. જીવનના ડગલેને પગલે પ્રકાશની જરૂરિયાત છે, પંથ બતાવનાર ભોમિયાની જરૂર છે, તે મળી જાય એ મનુષ્ય જીવનનું પરમ સૌભાગ્ય સમજવામાં આવે છે.

આ સૌભાગ્ય કેવી રીતે મળે ? જીવન પથ કોણ પ્રકાશિત કરે ? વિવાદોના ચક્કરમાં ઘેરોલા આ પ્રશ્નને મેં ઘણી મુશ્કેલીથી ઉકેલી તો લીધો. મહાપુરુષ જ તે સુયોગ છે, એ વાત સમજી તો લીધી. હૃદયના ઉંડાણમાં ઉતારી તો લીધી, પરંતુ મહાપુરુષ ક્યાં મળે એ પ્રશ્ન ફરીથી સામે આવીને ઊભો થયો. તેને ઉકેલી લેવા મનુષ્ય જીવનનું બીજું સૌભાગ્ય છે.

મને કોઈ કહે કે હું એવું દિશા સૂચકયંત્ર જાણું છું જેની સોય હંમેશા તે તરફ રહે છે જ્યાં મહાપુરુષો રહેતા હોય તો તેને હું મારું સર્વસ્વ વેંચીને ખરીદી લઈશ અને તેને જીવનનું અસાધારણ સૌભાગ્ય માનીશ.

Top